dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 154 | AD - 2026, Fagan Vad - 09 | Thursday, Dt. 12-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કેરળના કોચી ખાતે 'ઓલ કેરળ ધીવર સભા'ના સુવર્ણ જયંતિ સંમેલનને સંબોધિત કરી

## 'કેરળમ' નામકરણની મંજૂરી અને કરોડોના વિકાસકાર્યોની ભેટ આપતા પીએમ મોદી

કોચી, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કેરળના કોચી ખાતે 'ઓલ કેરળ ધીવર સભા'ના સુવર્ણ જયંતિ સંમેલનને સંબોધિત કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીએ માછીમાર સમુદાયના પ્રદાનને બિરદાવવા સાથે રાજ્ય માટે કેટલીક ઐતિહાસિક જાહેરાતો અને કરોડો રૂપિયાના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. પીએમ મોદીએ સંમેલનને સંબોધતા એક મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી કે કેન્દ્રની ભાજપ સંચાલિત એનડીએ સરકારે કેરળનું નામ બદલીને 'કેરળમ' કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. તેમણે કહ્યું, "મારા મલયાલી ભાઈઓ અને બહેનોની લાંબા સમયની આ પ્રતીક્ષા હવે પૂરી થઈ છે. રાજ્યમાં આ નિર્ણયને કારણે આનંદનું વાતાવરણ છે અને હું આ બદલાવ બદલ આપ સૌને અભિનંદન પાઠવું છું." વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ પર બોલતા વડાપ્રધાને મધ્ય-પૂર્વ (અખાતી દેશો) માં ચાલી રહેલા યુધ્ધ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "અખાતમાં જે થઈ રહ્યું છે તેનાથી ચિંતિત થવું સ્વાભાવિક છે કારણ કે આપણા લાખો ભાઈ-બહેનો ત્યાં કાર્યરત છે. પરંતુ હું તમને ખાતરી આપું છું કે આજનું ભારત તેના નાગરિકોને મુશ્કેલીમાં છોડતું નથી. મિત્ર દેશોની સરકારો સાથે અમે સતત સંપર્કમાં છીએ અને તેઓ આપણા લોકોની પૂરી કાળજી લઈ રહ્યા છે." પોતાના સંબોધન દરમિયાન વડાપ્રધાને કોંગ્રેસ અને સ્થાનિક પક્ષો (LDF અને UDF) પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસનું નકારાત્મક રાજકારણમાં કોંગ્રેસ પાર્ટી વૈશ્વિક કટોકટીના સમયે



પણ રાજકારણ રમી રહી છે અને ઉશ્કેરણીજનક નિવેદનો આપી રહી છે. ભ્રષ્ટાચારમાં ભાગીદારીમાં LDF અને UDF ના નામ અલગ હોવા છતાં તેમની કાર્યશૈલી સમાન છે. તેઓ ભ્રષ્ટાચાર અને ગુનાખોરીમાં એકબીજાના ભાગીદાર છે અને કેરળના વિકાસમાં અવરોધ ઊભો કરી રહ્યા છે. વ્યક્તિગત હુમલાઃ પીએમએ વક્રોક્તિ કરતા કહ્યું કે વિપક્ષી નેતાઓ સામૂહિક રીતે તેમનો દુરુપયોગ કરી રહ્યા છે અને કદાચ ટૂંક સમયમાં તેઓ 'ગાળોની રીલ' બનાવવાનું પણ શરૂ કરી દેશે. 'ઓલ કેરળ ધીવર સભા'ની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે પીએમ મોદીએ માછીમાર સમુદાયની હિંમતની પ્રશંસા કરી હતી. ખાસ કરીને ૧૯૯૯ના વિનાશક પૂર દરમિયાન માછીમારોએ પોતાની હોડીઓ જોખમમાં મૂકીને જે રીતે લોકોના જીવ બચાવ્યા હતા, તેને પીએમએ 'રાષ્ટ્ર ક્યારેય ન ભૂલી શકે તેવી સેવા' ગણાવી હતી. તેમણે ઉમેર્યું કે 'બ્લુ ઈકોનોમી' (વાદળી અર્થતંત્ર) હેઠળ માછીમારોને સશક્ત બનાવવામાં આવી રહ્યા છે. 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' હેઠળ કેરળને આશરે રૂ.૧,૪૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે, જે રાજ્યના મત્સ્યઉદ્યોગને નવી ઊંચાઈએ લઈ જશે. કોચીના એર્નાકુલમમાં વડાપ્રધાને અંદાજે રૂ.૧૦,૮૦૦ કરોડના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. કોચી રિફાઈનરીમાં નવા યુનિટનો શિલાન્યાસ જે પ્લાસ્ટિક અને તબીબી ઉપકરણો માટે કાચો માલ પૂરો પાડશે, જેનાથી આયાત પરની નિર્ભરતા ઘટશે. પરિવહન સુવિધામાં મુંબઈ-કન્યાકુમારી કોરિડોર હેઠળ નવા રસ્તાઓ અને કોઝિકોડ બાયપાસનું ઉદઘાટન કરવામાં આવ્યું, જે મુસાફરીના સમયમાં ધરખમ ઘટાડો કરશે. રેલવે અને ઊર્જામાં આધુનિક રેલવે સ્ટેશનો અને કોલમમાં એક વિશાળ 'ફ્લોટિંગ સોલર પાવર પ્લાન્ટ'નું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ અંતમાં જણાવ્યું હતું કે આત્મનિર્ભર ભારત માટે કેરળનું યોગદાન અત્યંત મહત્વનું છે અને સરકાર દરેક વર્ગના વિકાસ માટે કટિબદ્ધ છે.

## એલપીજી સિલિન્ડરોની અછતને કારણે ભારતીય રેલ્વેની કેટરિંગ સેવાઓ ખોરવાઈ : મુસાફરોને રિફંડ આપવા અંગે વિચારણા

નવી દિલ્હી, તા.૧૧

દેશભરમાં જોવા મળી રહેલી એલપીજી સિલિન્ડરોની ભારે અછતની સીધી અસર હવે ભારતીય રેલ્વેની કેટરિંગ સેવાઓ પર પડી રહી છે. આ કટોકટીને કારણે ભારતીય રેલ્વે કેટરિંગ અને ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) દ્વારા ટ્રેનોમાં પૂરા પાડવામાં આવતા ભોજનની વ્યવસ્થા પ્રભાવિત થઈ છે. વર્તમાન પરિસ્થિતિને જોતા રેલ્વે વહીવટીતંત્ર ટ્રેનોમાં રાંધેલું ભોજન આપવાનું અસ્થાયી રૂપે સ્થગિત કરવા અને જે મુસાફરોએ ટિકિટ સાથે ભોજનનું પ્રી-બુકિંગ કરાવ્યું છે તેમને રિફંડ આપવા અંગે



ગંભીરતાથી વિચારી રહ્યું છે. આઈઆરસીટીસીએ તેના કેટરિંગ લાઈસન્સ ધારકોને ભોજન સેવામાં કોઈ મોટો વિક્ષેપ ન પડે તે માટે તાત્કાલિક વૈકલ્પિક આકસ્મિક યોજનાઓ અમલમાં મૂકવા સૂચના આપી છે. રેલ્વે અધિકારીઓના જણાવ્યા અનુસાર, એલપીજીની અછતની સૌથી વધુ અસર બેઝ કિચન પર પડી રહી છે, જ્યાં મોટા પાયે ખોરાક તૈયાર કરવામાં આવે છે. જોકે પેન્ટ્રી કારનો ઉપયોગ મુખ્યત્વે ખોરાક ગરમ કરવા માટે થાય છે, પરંતુ બેઝ કિચનમાં રસોઈની સમસ્યાને કારણે લાંબા અંતરની ટ્રેનોના સપ્લાય પર અસર પડી રહી છે. આઈઆરસીટીસીએ રેલ્વે સ્ટેશનો પરના ફૂડ પ્લાઝા અને જન આહાર આઉટલેટ્સને પણ વૈકલ્પિક ઈંધણ અથવા અન્ય પધ્ધતિઓ અપનાવવાનો નિર્દેશ આપ્યો છે. બીજી તરફ, રેસ્ટોરન્ટ એસોસિએશનોએ પણ આ મુદ્દે સરકારના તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે, અન્યથા કામકાજ બંધ કરવાની ચીમકી આપી છે.

## NCERT પાઠ્યપુસ્તક વિવાદ : સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નિષ્ણાંત સમિતિ બનાવવાનો આદેશ આપ્યો

નવી દિલ્હી, તા.૧૧

સુપ્રીમ કોર્ટે NCERT પાઠ્યપુસ્તક વિવાદના કેસમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા કેન્દ્ર સરકારને તાત્કાલિક ધોરણે 'ડોમેન નિષ્ણાત સમિતિ' બનાવવાનો આદેશ આપ્યો છે. આ સમિતિમાં એક ભૂતપૂર્વ ન્યાયાધીશ, એક શિક્ષણવિદ અને એક પ્રતિષ્ઠિત કાનૂની નિષ્ણાતનો સમાવેશ કરવામાં આવશે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે જો ન્યાયતંત્રમાં કોઈ ખામીઓ હોય અને તે તરફ ધ્યાન દોરવામાં આવે, તો તે ભવિષ્યના ન્યાયાધીશો અને વકીલો માટે સુધારાત્મક પગલાં લેવામાં




મદદરૂપ સાબિત થશે. અદાલતે એક અઠવાડિયાની અંદર આ સમિતિની રચના કરવા અને કાનૂની અભ્યાસની સામગ્રી તૈયાર કરવા માટે નેશનલ જ્યુડિશિયલ એકેડેમી, ભોપાલનો સંપર્ક કરવા નિર્દેશ આપ્યો છે. કોર્ટે ધોરણ ૮ ના વિવાદાસ્પદ પાઠ્યપુસ્તક પ્રકરણ તૈયાર કરવામાં સંકળાયેલા પ્રોફેસર મિશેલ ડેનિનો, શિક્ષક સુપર્ણા દિવાકર અને સંશોધક આલોક પ્રસન્ના કુમારને અભ્યાસક્રમ તૈયાર કરવાની કોઈપણ કામગીરીમાંથી દૂર કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત, સોશિયલ મીડિયા પર ન્યાયતંત્રને બદનામ કરનારા તત્વો સામે કડક વલણ અપનાવતા મુખ્ય ન્યાયાધીશે સ્પષ્ટ કર્યું કે ન્યાયતંત્ર વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરનારાઓને પાઠ ભણાવવો જરૂરી છે. કેન્દ્ર સરકારને આવા પ્લેટફોર્મ્સ ઓળખીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા પણ જણાવાયું છે.

### ગૂગલ, એમેઝોન, માઈક્રોસોફ્ટ અને એનવિડિયા જેવી કંપનીઓના ડેટા સેન્ટર્સને પણ નિશાન બનાવે તેવી સંભાવના

## અમેરિકા-ઈઝરાયેલ પર ઈરાને સૌથી મોટો હુમલો કર્યો

ન્યૂ દિલ્હી,તા.૧૧

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષના આજે ૧૨મા દિવસે સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. ઈરાને દાવો કર્યો છે કે તેણે ઈઝરાયલ વિરુધ્ધ અત્યાર સુધીનો સૌથી મોટો સૈન્ય હુમલો શરૂ કરી દીધો છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર ઈરાને ઈઝરાયલની સાથે મધ્ય-પૂર્વમાં આવેલા અમેરિકી સૈન્ય મથકોને નિશાન




બનાવીને અનેક બેલિસ્ટિક મિસાઈલો છોડી છે જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે તણાવ વ્યાપી ગયો છે.ઈરાની મીડિયાના અહેવાલો મુજબ આ યુધ્ધ માત્ર સૈન્ય ઠેકાણાઓ પૂરતું મર્યાદિત નથી પરંતુ ઈરાન હવે અમેરિકી ટેક જાયન્ટ્સ જેવી કે ગૂગલ, એમેઝોન, માઈક્રોસોફ્ટ અને એનવિડિયા જેવી કંપનીઓના ડેટા સેન્ટર્સને પણ નિશાન બનાવી શકે છે. ઈઝરાયલ ઉપરાંત દુબઈ અને અબુ ધાબીમાં આવેલી આ કંપનીઓની ઓફિસો પર પણ હુમલાનો ખતરો મંડરાઈ રહ્યો છે. બીજી તરફ ઈરાને ઈરાકના કુર્દિસ્તાન વિસ્તારમાં ડ્રોન હુમલા કરીને કોમાલા પાર્ટીના ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે જેમાં એક લડવૈયાનું મોત નીપજ્યું છે. ઈરાનનો આરોપ છે કે આ સંગઠનો પશ્ચિમી દેશો અને ઈઝરાયલના ઈશારે કામ કરી રહ્યા છે. આ પરિસ્થિતિને જોતા સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ આજે એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ પર મતદાન કરવાની છે જેમાં ઈરાનને પડોશી આરબ દેશો પર હુમલા બંધ કરવા તાકીદ કરવામાં આવશે. ઈરાનની આક્રમકતાએ હવે વૈશ્વિક અર્થતંત્ર અને સુરક્ષા સામે મોટો પડકાર ઉભો કર્યો છે.


## ઐતિહાસિક નિર્ણય : સુપ્રીમ કોર્ટે ૧૩ વર્ષથી બેભાન હરીશ રાણાને 'નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ'ની મંજૂરી આપી

નવી દિલ્હી, તા.૧૧

ભારતની સર્વોચ્ચ અદાલતે બુધવારે એક અત્યંત સંવેદનશીલ અને મહત્વપૂર્ણ ચુકાદો આપતા ગાઝિયાબાદના હરીશ રાણાને નિષ્ક્રિય ઈચ્છામૃત્યુની પરવાનગી આપી છે. હરીશ રાણા વર્ષ ૨૦૧૩માં હોસ્ટેલના ચોથા માળેથી પડી જવાથી ગંભીર ઈજા પામ્યા હતા અને છેલ્લા ૧૩ વર્ષથી ૧૦૦% અપંગતા સાથે બેભાન અવસ્થામાં પથારીવશ છે. જસ્ટિસ પારડીવાલાએ આ



નિર્ણયને મુશ્કેલ ગણાવતા કહ્યું કે, પીડિતને ગૌરવ સાથે વિદાય મળે તે જરૂરી છે. કોર્ટે હરીશને એમ્સ (AIIMS)ના પેલિએટિવ કેરમાં દાખલ કરવા આદેશ આપ્યો છે, જ્યાં તબીબી સહાય અને સારવાર તબક્કાવાર પાછી ખેંચી લેવામાં આવશે. ભારતમાં નિષ્ક્રિય ઈચ્છામૃત્યુના અમલીકરણનો આ પ્રથમ કિસ્સો છે, જેણે કાયદાકીય અને માનવીય સંવેદનાના નવા પરિમાણો સ્થાપિત કર્યા છે.




## બદ્રીનાથ-કેદારનાથમાં બિન-સનાતનીઓના પ્રવેશ પર પ્રતિબંધનો મહત્વપૂર્ણ નિર્ણય

દેહરાદૂન, તા.૧૧

બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ (BKTC) એ એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા બદ્રીનાથ અને કેદારનાથ ધામમાં બિન-સનાતનીઓના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. દેહરાદૂનમાં આયોજિત બજેટ બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૧૨૧.૦૭ કરોડનું અંદાજિત બજેટ પસાર કરવામાં આવ્યું હતું, જેમાં બદ્રીનાથ માટે આશરે રૂ.૫૭.૪૭ કરોડ અને કેદારનાથ માટે રૂ.૬૩.૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ વર્ષે ચારધામ યાત્રા ૧૯ એપ્રિલથી શરૂ થઈ રહી છે, જેમાં કેદારનાથના દ્વાર ૨૨ એપ્રિલ અને બદ્રીનાથના દ્વાર ૨૩ એપ્રિલે ખુલશે. સમિતિના પ્રમુખ હેમંત દ્વિવેદીએ જણાવ્યું કે ભક્તો માટે સલામત અને સુલભ દર્શનની વ્યવસ્થા કરવી એ તેમની પ્રાથમિકતા છે. આ બેઠકમાં કર્મચારીઓના પગાર વધારા, ઓનલાઈન પૂજા વ્યવસ્થા અને માળખાગત સુવિધાઓને મજબૂત કરવાના ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા હતા.



સંજોગ ન્યૂઝ

આપણું અમરેલી

02

ગુરૂવાર, તા.૧૨-૦૩-૨૦૨૬


# મોટી કુંકાવાવની વ્રજ વિદ્યાલય ખાતે ફૂડ ફેસ્ટિવલ યોજાયો

મોટી કુંકાવાવ, તા.૧૧





મોટી કુંકાવાવ ગામે વ્રજ વિદ્યાલય ખાતે બાળકોમાં મેનેજમેન્ટ સ્કિલ, વ્યાવસાયિક સજ્જતા અને પરસ્પર સહયોગ જેવા જીવનમૂલ્યો ખીલે તેવા હેતુથી ભવ્ય ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૧ જેટલા વિવિધ વાનગીઓના સ્ટોલ ઊભા કરાયા હતા, જેમાં ૧૧૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ બાળકોએ જાતે જ સ્ટોલની સજાવટ, ક્રિએટિવ બેનર્સ અને હાઈજેનિક વાનગીઓ બનાવી વેચાણ કર્યું હતું. આ મંગલ ઉત્સવનું દીપ પ્રાગટ્ય વસંતભાઈ મોવલિયા અને અન્ય મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. બીઆરસી નિરવભાઈ સાવલિયા અને સીઆરસી વસંતભાઈ કોરાટ સહિતના અગ્રણીઓએ હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.આ ફેસ્ટિવલમાં માત્ર ૩ કલાકમાં કુલ ૨૮,૩૫૧/- રૂપિયાની આવક થઈ હતી, જેમાં ખર્ચ બાદ કરતાં ૧૬,૦૭૧/- રૂપિયાનો માતબર નફો થયો હતો. નફાની દ્રષ્ટિએ 'રાધેશ્યામ બટેટા ભૂંગળા' પ્રથમ ક્રમે, 'મહાદેવ પાણીપુરી' બીજા ક્રમે અને 'રજવાડી ચણાચાટ' ત્રીજા ક્રમે રહ્યા હતા. સરેરાશ ગણતરી મુજબ વિદ્યાર્થી દીઠ ૧૪૩.૫૦ રૂપિયાનો નફો થયો હતો. તમામ સહભાગીઓને પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરાયા હતા.

# બાબરાના ઈંગોરાળા ગામે સી.સી. રોડ માટે ધારાસભ્ય જનક તળાવીયાએ રૂ. એક કરોડ મંજૂર કરાવ્યા

બાબરા,તા.૧૧



બાબરા તાલુકાના ઈંગોરાળા ગામે લાંબા સમયથી લોકોની જે મહત્વપૂર્ણ માંગ હતી તે આંતરિક માર્ગ સુવિધા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧ કરોડના ખર્ચે સુવિધાપથ (સી. સી. રોડ) મંજૂર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાએ સતત રજૂઆત કરી હતી. ઈંગોરાળાના નાગરિકો, ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. જેના પરિણામે રાજ્ય સરકારે રૂ. ૧ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ સી.સી. રોડને મંજૂરી આપી છે. ઈંગોરાળા ગામે મંજૂર થયેલ આ સી.સી. રોડ ગામના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## હિન્દુ અગ્રણીઓની હાજરીમાં સંતોના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયુ

# અમરેલીના હનુમાનપરા રોડ પર હિન્દુ સંમેલન યોજાયુ

અમરેલી,તા.૧૧



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે.

આ શૃંખલા અંતર્ગત ગત સોમવાર, ૯ માર્ચના રોજ અમરેલીના હનુમાનપરા રોડ પર આવેલા સિધ્ધેશ્વર મહાદેવ મંદિર પાસે હનુમાનપરા હિન્દુ સંમેલન સમિતિ દ્વારા વિરાટ હિન્દુ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મંચસ્થ મહાનુભાવો અને સંતોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. સમિતિના અધ્યક્ષ ચંદુભાઈ ખણેસાએ પ્રાસંગિક ઉદબોધન સાથે સૌ મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મહામંડલેશ્વર ઉદયગીરીબાપુ, શાસ્ત્રી ભાર્ગવભાઈ ભોરીંગડાવાળા અને અંજનાબેન ટીંબડીયાએ હિન્દુત્વના વ્યાપક અર્થ અને રાષ્ટ્ર સેવા વિશે પ્રેરક પ્રવચનો આપ્યા હતા. કાર્યક્રમમાં સ્થાનિક મંદિરોના પૂજારીઓનું વિશેષ સન્માન કરી આશીર્વાદ મેળવવામાં આવ્યા હતા. મનિષભાઈ ધરાજીયા, સુખદેવસિંહ પુરોહિત સહિતના અનેક રાજકીય અને સામાજિક અગ્રણીઓની હાજરીમાં આ સંમેલન સફળ રહ્યું હતું. વિપુલ ભટ્ટીએ સંચાલન અને કિશોરભાઈ આજુગિયાએ આભાર વિધિ કરી હતી.

# બાબરાના સુખપર ગામે 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો

બાબરા,તા.૧૧



તસવીર : દિપક કનૈયા

બાબરા તાલુકાની જિલ્લા પંચાયત કરીયાણા સીટ હેઠળ આવેલા સુખપર ગામે સરકારના માર્ગદર્શન હેઠળ સેવા સેતુ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામજનોના પ્રશ્નોનું સ્થળ પર જ તાત્કાલિક નિરાકરણ લાવવાનો અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે લોકોને માહિતગાર કરવાનો હતો. આ કેમ્પમાં અંદાજિત બાર જેટલા ગામોના લોકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને વિવિધ સરકારી વિભાગો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓનો ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, બાબરા મામલતદાર, નાયબ મામલતદાર, ટીડીઓ તેમજ સુખપર ગામના સરપંચ વલ્લભભાઈ બારૈયા ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયા તાલુકાના એસ.ટી. પ્રશ્નો અંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખની રજૂઆત : ગારીયાધાર-સોમનાથ બસ પુનઃ શરૂ કરવા માંગ

લીલીયા, તા.૧૧

લીલીયા મોટા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીતિનભાઈ આર. ત્રિવેદી દ્વારા તાલુકાના એસ.ટી. બસના વિવિધ પ્રશ્નો બાબતે ગારીયાધાર અને અમરેલી ડેપો મેનેજરને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં મુખ્યત્વે ગારીયાધાર-સોમનાથ એસ.ટી. બસને ફરી શરૂ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ બસ સેવા બંધ થવાથી ગારીયાધાર, મોટા ચારોડીયા, ક્રાંકચ, નાના લીલીયા, મોટા લીલીયા, ગોઢાવદર અને લાલાવદર જેવા ગામોના લોકોને સોમનાથ જવા માટે એકમાત્ર બસ ઉપલબ્ધ ન હોવાથી યાત્રામાં મુશ્કેલી પડી રહી છે. પૂરતા મુસાફરો હોવા છતાં આ બસ બંધ કરાતા નોકરિયાત વર્ગ, વિદ્યાર્થીઓ, ખરીદી કરનાર અને દર્દીઓને હાલાકી ભોગવવી પડી રહી હોવાથી તેને સત્વરે શરૂ કરવા માંગ કરી છે. વધુમાં, રજૂઆત પત્રમાં જાત્રોડા-અમરેલી (વાયા લીલીયા) બસના સમયમાં પણ ફેરફાર કરવાની માંગણી કરવામાં આવી છે. હાલમાં આ બસ જાત્રોડાથી સવારે ૫:૦૦ કલાકે ઉપડે છે, જેનો સમય બદલીને સવારે ૫:૩૦ કલાક કરવામાં આવે તો સ્થાનિક લોકોને પૂરતો લાભ મળી શકે તેમ છે. આ સમય ફેરફારથી એસ.ટી. તંત્રને આર્થિક ફાયદો થવાની સાથે વિદ્યાર્થીઓને પણ મોટી રાહત થશે તેમ જણાવાયું છે. આ બંને પ્રશ્નોને તાકીદે અમલમાં મૂકવા માટે તાલુકા કોંગ્રેસ પ્રમુખે અમરેલી-ગારીયાધાર ડેપો મેનેજરોને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

# હરિબા મહિલા કોલેજ અને રક્ષાશક્તિ ગર્લ્સ સ્કુલમાં મહિલા દિવસની ઉજવણી

અમરેલી,તા.૧૧



પ. પૂ. સંત ડૉ.રતિદાદાના આશીર્વાદ અને ભારત ભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત હરિબા મહિલા કોલેજ અને રક્ષા શક્તિ ગર્લ્સ સ્કુલના સંયુક્ત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાનાં ડાયરેક્ટર મહેશભાઈ મહેતા તથા શીતલબેન મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષક મિત્રો, સ્ટાફગણ તેમજ વિદ્યાર્થિનીઓ દ્વારા શીતલબેન મહેતાને બેસ્ટ વુમન્સ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અમેરિકાથી દાતા કનુદાદા તેજુરા અને હંસાબાએ વિડીયો કોલ દ્વારા દિકરીઓને મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. મહેશભાઈ મહેતાએ વિદ્યાર્થિનીઓને મહિલા સશક્તિકરણ, શિક્ષણનું મહત્વ અને આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધવા અંગે માર્ગદર્શન આપ્યું હતું.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા
ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી
વગેરેના ટાયર
10% GST ઘટાડા
સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો
ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા
સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ

બસ સ્ટેશન રોડ,
અજમેરા સ્કૂલ સામે, અમરેલી.

લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક,
ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## રાજુલાના મહે. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા

જન્મ અરજી નં.૨૪/૨૦૨૬

અરજદાર :- શિયાળ ભરતભાઈ બાબુભાઈ
ઉ.વ.૫૦, ધર્મે હિન્દુ, ધંધો મજુરી
રહે : મુ. વિસળીયા તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : વિસળીયા તા.રાજુલા જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા ગામના રહીશ શિયાળ ભરતભાઈ બાબુભાઈના પુત્ર ની નં.૦૨ શિયાળ ચંદ્રેશભાઈ ભરતભાઈનો જન્મ તા.૦૩/૦૬/૨૦૧૩ ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## રાજુલાના મહે. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા

જન્મ અરજી નં.૩૧૫/૨૦૨૫

અરજદાર :- વેલજીભાઈ અરજણભાઈ શિયાળ
ઉ.વ.૪૯, ધર્મે હિન્દુ, ધંધો મજુરી
રહે : મુ. વિસળિયા તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : વિસળિયા તા.રાજુલા જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળિયા ગામના રહીશ વેલજીભાઈ અરજણભાઈ શિયાળ એ તેમની પુત્રી પ્રભાબેન વેલજીભાઈ શિયાળની જન્મ તા.૦૧/૦૬/૨૦૦૦ ના રોજ રાજુલા તાલુકાના વીસળિયા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરીને આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૩૭૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ભાનુબેન નાથાભાઈ શિયાળ
સરનામું :- ઠે.વિસળીયા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસાળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી ભાનુબેન નાથાભાઈ શિયાળ એ તેમના પુત્રી નામે શ્રી શિયાળ આરતીબેન નાથાભાઈ નો જન્મ તા.૦૨/૧૨/૨૦૦૬ ના રોજ રાજુલા તાલુકાના વિસાળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## રાજુલાના મહે. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા

જન્મ મરણ અરજી નં.૩૩૮/૨૦૨૫

અરજદાર :- મેસાબેન બિજલભાઈ શિયાળ
ઉ.વ.૫૫, ધર્મે હિન્દુ, ધંધો : ઘરકામ
રહે : મુ. ચાંચ તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : ચાંચ, તા.રાજુલા જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના રહીશ મેસાબેન બિજલભાઈ શિયાળની પુત્ર નં.૭ શિયાળ પુનાભાઈ બિજલભાઈની જન્મ તા.૦૧/૦૧/૧૯૯૭ ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# આંબરડી સફારી પાર્કમાં સ્થાનિક તેમજ વિદેશી મુસાફરોની સંખ્યા વધતા આવકમાં વધારો

ધારી, તા. ૧૧

ધારીના આંબરડી સફારી પાર્કમાં પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં ખાસ કરીને દિવાળીના વેકેશન દરમિયાન અહીં પગ મૂકવાની પણ જગ્યા નથી હોતી. ધારીના ધારાસભ્ય જે.વી કાકડિયાએ વિધાનસભા ગૃહમાં પૂછ્યું કે, ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંબરડી સફારી પાર્કમાં કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી, તેમાં કેટલા વિદેશીઓ હતા અને કેટલી આવક થઈ?

જેનો જવાબ આપતાં વન મંત્રીએ કહ્યું, ૦૧-૦૧-૨૦૨૪થી ૩૧-૧૨-૨૦૨૪ સુધીમાં ૯૪,૮૨૫ અને ૦૧-૦૧-૨૦૨૫ થી ૩૧-૧૨-૨૦૨૫ સુધી ૧,૧૨,૬૨૨ મુલાકાતીઓ મુલાકાત લીધી હતી. ૨૦૨૪માં વિદેશી મુલાકાતીની સંખ્યા માત્ર એક હતી, જ્યારે ૨૦૨૫માં ૨૭ વિદેશી મુલાકાતીઓ આંબરડી સફારી પાર્કમાં આવ્યા હતા. આમ ગત વર્ષે અગાઉના વર્ષોની તુલનામાં વિદેશી મુસાફરોની સંખ્યામાં તોતિંગ ઉછાળો આવ્યો હતો. આંબરડી સફારી પાર્કમાં મુલાકાતીઓની સંખ્યા વધતા આવકમાં પણ વધારો થયો છે.

**૦૧-૦૧-૨૦૨૪થી ૩૧-૧૨-૨૦૨૪માં ભારતીય મુલાકાતીઓથી રૂ. ૧૬,૪૨,૩૫૮ અને વિદેશી મુલાકાતીઓથી રૂ.૩૫૦૦ તથા ૦૧-૦૧-૨૦૨૫ થી તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં રૂ. ૧,૮૫,૩૫,૨૫૦ તથા વિદેશી મુલાકાતીઓથી રૂ. ૫૯,૦૪૦ આવક થઈ હતી.**

# અમરેલી જિલ્લામાં ૯૬૬ પશુમાલિકોને રૂ. ૧,૪૨,૮૦,૮૧૬ રૂપિયાની સહાય ચૂકવાઈ

અમરેલી, તા. ૧૧

ગુજરાત વિધાનસભામાં અમરેલીના સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાએ જિલ્લામાં બે વર્ષમાં જંગલી પશુના કારણે પશુધનના મારણના કિસ્સા અને વળતરનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે વિધાનસભામાં પૂછ્યું કે, ૩૧-૦૧-૨૦૨૫ની સ્થિતિએ અમેરલી જિલ્લાના ગીર વિસ્તારમાં માલધારીઓ અને ખેડૂતોના કિંમતી પશુઓને સિંહ, દિપડા કે અન્ય જંગલી પ્રાણી દ્વારા કરવામાં આવતી ગંભીર ઈજા કે મૃત્યુના પ્રસંગે પશુદીઠ તેના માલિકને કેટલી સહાય આપવામાં આવે છે અને બે વર્ષમાં કેટલા પશુ માલિકોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

જેનો જવાબ આપતા વન મંત્રીએ જણાવ્યું, જંગલી પ્રાણી દ્વારા કરવામાં આવતી ગંભીર ઈજા કે મૃત્યુના કેસમાં પશુદીઠ તેના માલિકોને વિવિધ સહાય ચૂકવવામાં આવે છે. ગાય-ભેંસમાં રૂપિયા ૫૦,૦૦૦, ઊંટમાં રૂ. ૪૦,૦૦૦, ઘેટા-બકરામાં ૫૦૦૦ સહાય ચૂકવવામાં આવે છે. બિન દૂધાળા પશુ જેવાકે ઊંટ, ઘોડા અને બળદ વગેરેમાં ૨૫,૦૦૦ તથા પાડો, પાડી, વાછડી, ગધેડો વગેરેમાં ૨૦,૦૦૦ સહાય ચૂકવવામાં આવે છે.

**૦૧-૦૧-૨૦૨૩ થી ૩૧-૧૨-૨૦૨૩ સુધીમાં ૯૨૦ પશુમાલિકોને રૂ ૬૯,૯૧,૧૭૦, ૦૧-૦૧-૨૦૨૪ થી ૩૧-૧૨-૨૦૨૪ સુધીમાં ૯૬૫ પશુમાલિકોને ૬૯,૩૯,૯૪૬ અને ૦૧-૦૧-૨૦૨૫ થી ૩૧-૦૧-૨૦૨૫ સુધીમાં ૮૧ પશુમાલિકોને રૂ. ૫,૪૯,૭૦૦ મળી કુલ ૧૯૬૬ પશુમાલિકોને રૂ. ૧,૪૨,૮૦,૮૧૬ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.**

# ચિત્તલમાં પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગ માટે જિલ્લા પંચાયતમાં મીટિંગ યોજાઈ

ચિતલ,તા.૧૧



ચિત્તલમાં પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગ અંગે જિલ્લા પંચાયતમાં પ્રમુખ સુરેશ પાથર, શિક્ષણ સમિતિના ચેરમેન ભીખાભાઈ ધોરાજીયા, ડીડીઓ પરિમલ પંડ્યાની ઉપસ્થિતિમાં મીટિંગ યોજાઈ હતી. આ શાળા માટે નવું બિલ્ડિંગ મંજૂર થયું હોવાથી તેના નિર્માણ માટેની ટેન્ડર પ્રક્રિયા તાત્કાલિક પૂર્ણ થાય અને તે અદ્યતન સુવિધાયુક્ત બને તે માટે ચર્ચા થઈ હતી. આ મીટિંગમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મીયાણીભાઈ, ચિત્તલ ગામના આગેવાન રાજુભાઈ ધાનાણી અને હિરેનભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં જણસીની ખરીદીને લઈ ખેડૂત મંડળી અને યાર્ડના સત્તાધીશો વચ્ચે ગજગ્રાહ

બગસરા,તા.૧૧

બગસરા માર્કેટિંગ યાર્ડમાં હાલ ઘઉંની મબલખ આવક અને ખરીદી ચાલી રહી છે, ત્યારે જગ્યાની તંગી હોવા છતાં ખેડૂત મંડળી દ્વારા તુવેરની ખરીદી યાર્ડના સંકુલમાં જ શરૂ રાખવા માટે દબાણ કરવામાં આવતા વિવાદ વકર્યો છે. યાર્ડ દ્વારા મંડળીને વૈકલ્પિક સ્થળે ખરીદી કરવા લેખિત જાણ



તસવીર : હાર્દિક બામટા

કરવામાં આવી હોવા છતાં, મંડળી દ્વારા યાર્ડમાં જ કામગીરી ચાલુ રખાઈ હતી. આ ગંભીર મુદ્દે બોલાવવામાં આવેલી સંકલન બેઠકમાં મંડળીના ચેરમેન ભાવનાબેન સતાસિયા અને યાર્ડના ચેરમેન કાંતિભાઈ વેકરીયા વચ્ચે ભારે બોલાચાલી થઈ હતી. મંડળીએ ચણાની ખરીદી પણ અહીં જ કરવાની મક્કમતા દર્શાવી છે, જ્યારે યાર્ડ વ્યવસ્થા જાળવવા મથે છે. બંને સંસ્થાઓ ખેડૂતોના હિત માટે કાર્યરત હોવા છતાં આ અંદરોઅંદરની લડાઈ અત્યારે પંથકમાં ભારે ચર્ચાનો વિષય બની છે.

# રાજુલાના ભેરાઈ ગામે જુનો રસ્તો ખુલ્લો રાખવા માંગ

રાજુલા,તા.૧૧



રાજુલાના ભેરાઈ ગામે આવેલા સુપ્રસિદ્ધ સાકરીયા હનુમાનજી મંદિર અને ખેડૂતો માટે અત્યંત મહત્વના એવા ભચાદરથી દેવકા જતા જૂના રસ્તાને ખુલ્લો રાખવા ગ્રામજનોએ ઉગ્ર રજૂઆત કરી છે. મંદિર આસપાસની સરકારી પડતર જમીન કોસ્ટ ગાર્ડને ફાળવવામાં આવી છે જેનો ગ્રામજનો સહર્ષ સ્વીકાર કરે છે. જોકે આ રસ્તો બંધ થવાથી ખેડૂતો અને શ્રદ્ધાળુઓને ભારે હાલાકી વેઠવી પડી શકે તેમ હોવાથી દેશની સુરક્ષા સાથે લોકોની સુવિધા જળવાય તે માટે યોગ્ય વ્યવસ્થા કરવાની માંગણી કરવામાં આવી છે.

# બાબરાના નીલવડા-વાંકીયા માર્ગ પર માઈનોર બ્રિજ બનાવવા રૂ. ૨.૫૦ કરોડની રકમ મંજુર

બાબરા, તા.૧૧



બાબરા તાલુકાના નીલવડા-વાંકીયા માર્ગ પર વર્ષોથી અવરજવર સમસ્યાને ધ્યાનમાં રાખીને વિસ્તારના ધારાસભ્ય જનક તળાવીયાના સતત પ્રયત્નોના પરિણામે માઈનોર બ્રિજ માટે રૂ. ૨.૫૦ કરોડ મંજુર કરવામાં આવ્યાં છે. આ માર્ગ પર આવેલ નાળામાં વરસાદી સિઝનમાં પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ થતો હતો. શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, ખેડૂતો તથા દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. હવે માઈનોર બ્રિજના નિર્માણથી આ સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. આ માર્ગ પરથી મોટા પ્રમાણમાં ખેતી ઉત્પાદનનો વહન થતો હોવાથી બ્રીજ બનતા ખેડૂતોને પાક બજારમાં પહોંચાડવામાં સરળતા રહેશે. સાથે સાથે વેપાર-ધંધાને પણ ગતિ મળશે અને સ્થાનિક અર્થતંત્ર મજબૂત બનશે. ધારાસભ્ય જનક તળાવીયાએ વિસ્તારની સમસ્યાઓને ગંભીરતાથી લઈ સંબંધિત વિભાગમાં સતત રજૂઆત કરી હતી.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

સ્વ.સમજુબેન રવજીભાઈ સોરઠિયા (ઉ. વર્ષ.૯૭)નું તા. ૦૭/૦૩/૨૦૨૬ ને શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે પ્રવીણભાઇ રવજીભાઇ સોરઠીયા ( ઉદય પાન વાળા) અને રામજીભાઈ રવજીભાઈ સોરઠીયા અને પોપટભાઇ રવજીભાઈ સોરઠીયાના માતૃશ્રી થાય છે. તેમનું સદગતનુ બેસણું તાઃ-૧૨/૦૩/૨૦૨૬ને ગુરુવાર ના રોજ સાંજના ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને નેસડી રોડ, પરિમલ સોસાયટી, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**રાજકોટ**

રાજકોટના નામાંકિત કલાકાર એક્ટર અને સિંગર સંજય રાવલ તેમજ બાલાજી ઇલેક્ટ્રિક વાળા ભાવેશ રાવલના પૂજ્ય પિતાશ્રી તેમજ લોકગાયક મિત રાવલના દાદાશ્રી સ્વ. મનસુખભાઇ છગનભાઇ રાવલ તે (મુળગામ- ચિત્રાવડ, હાલ- રાજકોટ) તા.૧૦-૦૩-૨૦૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદ્દગતનું બેસણું તા.૧૨-૦૩-૨૦૨૬, ગુરૂવારે સાંજે ૪થી ૬ વાગ્યા- શ્રી વાટલીયા પ્રજાપતિ સમાજની વાડી, સમોઝાદ સ્કૂલની પાસે, ઇન્દ્રપ્રસ્થ હોલની પાછળ, મવડી મેઇન રોડ ખાતે બન્ને પક્ષનું સાથે રાખેલ છે.

# ધારીના ગોપાલગ્રામમાં યોજાયેલી પ્રાકૃતિક શિબીરમાં ખેડૂતો જોડાયા

ધારી, તા.૧૧



ધારી તાલુકામાં આવેલા ગોપાલગ્રામ ખાતે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિભાગ દ્વારા એક વિશેષ તાલીમ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લાના વિવિધ ગામોમાંથી ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિબિર દરમિયાન કૃષિ નિષ્ણાતોએ ઉપસ્થિત ખેડૂતોને વર્તમાન સમયમાં ઝેરી રસાયણોના ઉપયોગથી થતા નુકસાન વિશે જાગૃત કર્યા હતા અને તેના વિકલ્પ રૂપે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. નિષ્ણાતોએ જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની વૈજ્ઞાનિક રીત વિશે વિગતવાર પ્રાયોગિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય જમીનની ઘટતી જતી ફળદ્રુપતાને બચાવવાનો અને ખેતીમાં થતા મસમોટા ખર્ચને ઘટાડી ખેડૂતોની આવક બમણી કરવાનો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોને જૈવિક કીટનાશકો અને કુદરતી ખાતરના ફાયદાઓ વિશે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. અંતમાં મોટી સંખ્યામાં હાજર રહેલા ખેડૂતોએ પર્યાવરણ અને સ્વાસ્થ્યના હિતમાં પ્રાકૃતિક ખેતી અપનાવવાનો સંકલ્પ કર્યો હતો.


















## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૪૨૪/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી બારૈયા ઉકાભાઈ દેવશીભાઈ
સરનામું :- મુ.પટવા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - પટવા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના પટવા મુકામે ના શ્રી બારૈયા ઉકાભાઈ દેવશીભાઈ એ તેમના પુત્ર નામે શ્રી બારૈયા અરવિંદભાઈ ઉકાભાઈ નો જન્મ તા.૦૬/૦૩/૨૦૦૮ ના રોજ રાજુલા તાલુકાના પટવા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૩૫૦/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ભીમાણી છગનભાઈ કરશનભાઈ
સરનામું :- ઠે.બારપટોળી, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - બારપટોળી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના છતડીયા મુકામે ના શ્રી ભીમાણી છગનભાઈ કરશનભાઈએ તેમના પુત્ર નામે શ્રી સંજયભાઈ છગનભાઈ ભીમાણી નો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૯ ના રોજ રાજુલા તાલુકાના બારપટોળી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.આર.સિંધવ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૨૮૨/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રાઘવભાઈ દેવગણભાઈ જોળીયા
સરનામું :- મુ.વિસળીયા, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળીયા, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી રાઘવભાઈ દેવગણભાઈ જોળીયા એ તેમના પુત્રી નામે શ્રી શિવાનીબેન રાઘવભાઈ જોળીયા નો જન્મ તા.૦૫/૦૯/૨૦૧૭ ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.આર.બલદાણીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૪૭૮/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી કુરેશી વજીરભાઈ ભુરૂભાઈ
સરનામું :- મુ.જુની બારપટોળી, તા.રાજુલા, જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - જુની બારપટોળી, તા.રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના જુની બારપટોળી મુકામે ના શ્રી કુરેશી વજીરભાઈ ભુરૂભાઈ એ તેમના પુત્રી નામે શ્રી સમીનાબેન વજીરભાઈ કુરેશી નો જન્મ તા.૧૯/૦૨/૨૦૦૦ ના રોજ રાજુલા તાલુકાના જુની બારપટોળી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના વિલંબિત નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# સા.કુંડલા જીરા ગામના મહિલા સરપંચ દક્ષાબેન ચોડવડીયાનું વિશેષ સન્માન

સાવરકુંડલા,તા.૧૧

અમરેલી જિલ્લામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, જેમાં સમગ્ર જિલ્લાની અંદાજે ૩૦૦૦ જેટલી પ્રગતિશીલ મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ગૌરવશાળી પ્રસંગે સાવરકુંડલા તાલુકાના જીરા ગામના મહિલા સરપંચ દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડીયાએ સમગ્ર જિલ્લામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ગામનું નામ રોશન કર્યું છે. જિલ્લા



વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પી. બી. પંડ્યા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં દક્ષાબેનનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ગ્રામીણ સ્તરે વહીવટી કુશળતા અને શ્રેષ્ઠ કામગીરી બદલ તેમને આ પુરસ્કાર એનાયત થયો છે. જીરા ગ્રામ પંચાયતના આ નેતૃત્વએ સાબિત કર્યું છે કે જો મહિલાઓને તક મળે તો તેઓ વહીવટમાં ઉત્કૃષ્ટ પરિવર્તન લાવી શકે છે. આ સફળતા બદલ જીરા ગામમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે અને દક્ષાબેન પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# ધારીના પ્રેમપરામાં વાહન પાર્ક કરવા બાબતે લોહિયાળ જંગ: યુવકના માથામાં ૧૨ ટાંકા આવ્યા

ધારી, તા.૧૧

ધારી તાલુકાના પ્રેમપરા વિસ્તારમાં આઈસર ટેમ્પો પાર્ક કરવા જેવી સામાન્ય બાબતે ચાર શખ્સોએ એક યુવક પર જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. લોખંડની ટોમી, કડા અને લાકડાના ધોકા વડે કરાયેલા આ હુમલામાં ફરિયાદીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ૧૨ ટાંકા લેવા પડ્યા હતા. નરેશભાઈ ભુપતભાઈ બજાણીયા (ઉ.વ.૩૨)એ ગોપાલભાઈ સોંડાભાઈ સુસરા, મેહુલભાઈ હમીરભાઈ સુસરા, ઘોહાભાઈ કાથડભાઈ બાંભવા તથા રવિભાઈ ચતુરભાઈ સુસરા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમણે તેનો આઈસર ટેમ્પો બજારમાં પાર્ક કર્યો હતો, જે ગોપાલભાઈ સોંડાભાઈ સુસરાને અવરજવરમાં નડતો હોવાથી ત્યાં ન મૂકવા માટે અગાઉ સૂચના આપી હતી. ગત તારીખ ૦૯/૦૩/૨૦૨૬ ના રોજ તેમના ડ્રાઈવરે ફરીથી ટેમ્પો ત્યાં જ પાર્ક કર્યો હતો. તેઓ આ વાતથી અજાણ હોવા છતાં, આરોપીઓએ જૂનું મનદુ:ખ રાખી હુમલો કર્યો હતો. આરોપીઓએ તેમને લોખંડની ટોમી વડે ફરિયાદીના માથામાં બે ઘા ઝીંકી દીધા હતા.તેમજ લોખંડના ધારદાર અણીવાળા કડા વડે માથામાં પ્રહાર કર્યો હતો. ઉપરાંત લાકડાના ધોકા વડે માથામાં અને શરીર પર આડેધડ મૂઢ માર માર્યો હતો તેમજ ઢીકાપાટુનો માર માર્યો હતો. આરોપીઓ તેમન જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી જે વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના વાંશિયાળી ગામે બ્લોક રોડનું કામ બંધ રહેતા રોષ

સાવરકુંડલા,તા.૧૧



સાવરકુંડલાના વાંશીયાળી ગામે બજેટ નામંજૂર થતાં પંચાયતની બોડી સસ્પેન્ડ થઈ અને હાલ સરકારી વહીવટદાર કાર્યરત છે. વહીવટદારે વિકાસ કામો શરૂ કરાવતા જગાભાઈ વાળાવાળી શેરીમાં બોક્સ કટીંગની કામગીરી પૂર્ણ થઈ હતી. જોકે, હવે બ્લોક પેવિંગનું કામ બાકી છે ત્યારે રાજકીય આગેવાનો દ્વારા આ કામ અટકાવવા મૌખિક સૂચના અપાઈ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. અધવચ્ચે અટકેલા કામને કારણે ગ્રામજનોમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે.

# ધારીમાં ભારત વિકાસ પરિષદ દ્વારા ૫૦ થી વધુ દિવ્યાંગોને સાધન સહાયનું વિતરણ કરાયું

ધારી તા. ૧૧

ધારીમાં 'સેવા પરમો ધર્મ'ના સૂત્રને સાર્થક કરતો એક ભવ્ય સાધન સહાય કેમ્પ યોજાયો હતો. ભારત વિકાસ પરિષદ અને વિકલાંગ કેન્દ્ર (પાલડી)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં ૫૦થી વધુ જરૂરિયાતમંદ દિવ્યાંગોને વ્હીલ ચેર, કૃત્રિમ પગ, કેલિપર્સ, વોકર અને ઘોડી જેવા સાધનોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં માનવ મંદિરના પૂજ્ય ભક્તિરામ



બાપુ અને સ્વામિનારાયણ મંદિરના સંતોએ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. ગુજરાત પ્રાંતના પ્રમુખ પ્રકાશભાઈ કસવાળાએ સંસ્થાની રાષ્ટ્રનિર્માણની પ્રવૃત્તિઓ જણાવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કમલેશભાઈ કકાણી, નરેશભાઈ ગોંડલીયા અને ધીરુભાઈ કાનાણી સહિતના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આ ભગીરથ કાર્યમાં સ્થાનિક માર્ગદર્શક કેતનભાઈ ધકાણ તેમજ ચિરાગભાઈ પરમાર અને તેમની ટીમનો અભૂતપૂર્વ સહયોગ રહ્યો હતો.

# જિલ્લામાં ૨૮ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામાં વિવિધ જગ્યાએથી ૨૮ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. સનાળી ગામ પ્લોટ વિસ્તારમાંથી ૪૫ લીટર , કોવાયા બાલકૃષ્ણ હોટલ પાસેથી ૧૫ લીટર, અમરેલીમાંથી ૩૦ લીટર તથા ચલાલામાંથી ૧૦ લીટર મળી કુલ ૧૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો ઝડપાયો હતો. આ સિવાય જિલ્લામાંથી ૮ ઈસમો કેફી પીણું પીને ફરતી હાલતમાં મળી આવ્યા હતા.

# લાઠીના છભાડીયા ગામે ચણાના ઢગલામાં આગથી રૂ. ૧.૩૦ લાખનું નુકસાન

લાઠી, તા.૧૧

લાઠીના છભાડીયા ગામે ચણાના ઢગલામાં આગથી રૂ. ૧.૩૦ લાખનું નુકસાન થયું હતું. આ અંગે ધનજીભાઈ જીવાભાઈ કાકડીયા (ઉ.વ.૭૮)એ જાહેર કર્યા મુજબ, તેમની છભાડીયા ગામની વાડીમાં કપાસના પાક વચ્ચે ચણાના વાવેતરના પાકમાંથી લીધેલા સુકાઈ ગયેલ ચણાનો ખેતરના વચ્ચે ઢગલો કર્યો હતો. ૧૩૦ મણ સુકાઈ ગયેલ ચણાના ઢગલામાં કોઈ કારણોસર આગ લાગતા બળી જતા આશરે કિ.રૂ.૧,૩૦,૦૦૦નું નુકશાન થયું.

# ખીજડીયા કોટડા ગામે ભત્રીજાએ કાકા પર કુહાડી વડે જીવલેણ હુમલો

બાબરા, તા.૧૧

બાબરા તાલુકાના ખીજડીયા કોટડા ગામે કૌટુંબિક અદાવતમાં ભત્રીજાએ પોતાના જ સગા કાકા પર કુહાડી વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો હતો. આ મામલે લાખાભાઈ ગોબરભાઈ માધડ (ઉ.વ. ૬૦) એ તેમના ભત્રીજા હરેશ ઉર્ફે જીગો માધડ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેમના ભાભીના પાણીઢોળના પ્રસંગ નિમિત્તે ખીજડીયા કોટડા ગામે આવ્યા હતા. સાંજના આશરે સાડા સાત વાગ્યાના અરસામાં તેઓ અને તેમના પત્ની કંકુબેન તેમના ભાઈ નથુભાઈના ઘરે હતા, ત્યારે બાજુમાં રહેતો તેમનો ભત્રીજો હરેશ ઉર્ફે જીગો પોતાના ભાઈ રાહુલ સાથે ઝઘડો કરી રહ્યો હતો.તેઓ જ્યારે તેમના ભત્રીજા હરેશને ઝઘડો ન કરવા માટે સમજાવવા ગયા, ત્યારે ઉશ્કેરાયેલા હરેશે અપશબ્દો બોલી ગાળાગાળી શરૂ કરી હતી. મામલો બિચકતા હરેશે તેમને ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો અને ઘરમાં પડેલી કુહાડી વડે ફરિયાદીના માથાના ભાગે ઝીંકી દીધી હતી. આ હુમલા દરમિયાન વચ્ચે પડનારા સાક્ષીઓને પણ આરોપીએ માર માર્યો હતો અને ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર બી પાનસુરિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

રાજુલા, તા.૧૧

રાજુલામાં પોલીસે જુગાર વિરોધી ઝુંબેશ હેઠળ મફતપરા વિસ્તારમાં દરોડો પાડી ત્રણ શખ્સોને સ્ટ્રીટ લાઈટના અંજવાળે જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

રાજુલાના મફતપરા, બાબરગાળી, પાણીના ટાંકા પાસે જાહેર રોડ પર સ્ટ્રીટ લાઈટના અંજવાળે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી પોલીસને મળી હતી. પોલીસે સ્થળ પર દરોડો પાડતા જીવણભાઈ દાનાભાઈ બાળધીયા, ગોપાલભાઈ ભાણાભાઈ બાળધીયા, વિજયભાઈ બચુભાઈ ગોહીલ ગંજીપતાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતા પકડાઈ ગયા હતા. પોલીસે પટમાંથી રોકડ રકમ રૂ. ૩,૪૦૦ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એસ. બાંભણીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# મોબાઈલ નેટવર્ક ન આવતા યુવકનો પિત્તો ગયો: BSNL ના કર્મચારીને આપી જાનથી મારી નાખવાની ધમકી

ધારી, તા.૧૧

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ નેટવર્ક ન હોવું એ સામાન્ય વાત છે, પરંતુ ક્યારેક આ બાબત ગંભીર વિવાદનું કારણ બની જાય છે. આવો જ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં મોબાઈલમાં નેટવર્ક ન આવવા જેવી ક્ષુલ્લક બાબતે BSNLના એક ખાનગી કર્મચારીને અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે ધારીના હીરાવા ગામે રહેતા વિનુભાઈ હરીભાઈ ભુવા (ઉ.વ.૫૨) એ તેના જ ગામના કનુભાઈ કેશુભાઈ ડાભી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ BSNL ના ટાવર વિભાગમાં પ્રાઈવેટ નોકરી કરે છે. આ દરમિયાન આરોપીના મોબાઈલમાં નેટવર્ક આવતું ન હોવાથી તે ઉશ્કેરાઈ ગયો હતો. નેટવર્કની સમસ્યા માટે તેણે સીધો ટાવર કર્મચારીનો સંપર્ક કર્યો હતો અને તેની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. આરોપીએ તેને નેટવર્ક કેમ આવતું નથી તે બાબતે પજવણી કરી બેફામ ગાળો આપી હતી. એટલું જ નહીં, મામલો વધુ બિચકતા આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન બી માઢક વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: નોમ,દશમ
તા.૧૨-૦૩-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૦૭,
સૂર્યાસ્ત-૦૬:૩૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મુળ,પુર્વાઅષાઢા

## દૈનિક રાશિફળ

તા.૧૨-૦૩-૨૦૨૬ ગુરૂવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે, પરંતુ આવકના પ્રમાણમાં ખર્ચા વધુ થશે.

કન્યા: આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઇચ્છિત સુખ અને સહયોગ મળશે.

મકર: ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

# થ્રેસરમાં ચુંદડી આવી જતાં યુવતીનું કરુણ મોત; પોલીસને જાણ કર્યા વગર અંતિમ સંસ્કાર કરતાં કાર્યવાહી

અમરેલી, તા.૧૧

અમરેલીના ભીલાગામની સીમમાં ખેતરમાં કામ કરતી વખતે એક ૧૯ વર્ષીય યુવતીનું થ્રેસરમાં ચુંદડી આવી જવાથી ગંભીર ઈજા બાદ સારવારમાં મોત નીપજ્યું હતું. આ મામલે પોલીસને જાણ કર્યા વગર કે પોસ્ટમોર્ટમ કરાવ્યા વગર લાશની અંતિમવિધિ કરી નાખી ગુનાહિત માહિતી છુપાવી હોવાનો આક્ષેપ થયો હતો.

મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના વતની ભંગડા રામસિંહ મેડા અમરેલીના ખીજડીયા (રાદડીયા) ગામના અશોકભાઈ મોહનભાઈ સાવલીયાની વાડીએ ભાગીયું રાખતા હતા. ગત તા. ૨૪/૧૦/૨૦૨૫ ના રોજ બપોરના સમયે ભીલાગામની સીમમાં થ્રેસરમાં મગફળી કાઢવાનું કામ ચાલતું હતું. આ સમયે ૧૯ વર્ષીય શાહબાઈ થ્રેસર પર કામ કરતા માણસોને પાણી આપવા ગઈ હતી. કમનસીબે તેની ચુંદડી થ્રેસરના પંખામાં આવી જતાં તે ખેંચાઈ ગઈ હતી અને પંખા પાસેની લોખંડની એંગલ તેના ગળાના પાછળના ભાગે વાગતા તે ગંભીર રીતે ઘવાઈ હતી. યુવતીને તાત્કાલિક અમરેલી સિવિલ અને ત્યારબાદ રાજકોટ સિવિલ હોસ્પિટલના ICU વોર્ડમાં ખસેડવામાં આવી હતી. રાજકોટથી વધુ સારવાર માટે પરિવારજનો તેને વતન (મધ્યપ્રદેશ) લઈ જઈ રહ્યા હતા, ત્યારે તા. ૩૦/૧૦/૨૦૨૫ ના રોજ વહેલી સવારે રસ્તામાં જ તેનું મોત નીપજ્યું હતું. આ કિસ્સામાં ચોંકાવનારી બાબત એ છે કે, કાયદેસર રીતે અકસ્માતે મોતના કિસ્સામાં પોસ્ટમોર્ટમ કરાવવું ફરજિયાત હોવા છતાં, પીએમ કરાવ્યા વગર જ લાશની અંતિમવિધિ કરી નાખી હતી. પોલીસ સમક્ષ યુવતીના મોત અંગેની માહિતી જાહેર કરવાને બદલે તે છુપાવીને એકબીજાની મદદગારી કરી ગુનો આચરવામાં આવ્યો હતો. અગાઉ અમરેલી તાલુકા પોલીસ મથકે આ અંગે જાણવા જોગ નોંધાઈ હતી, પરંતુ હવે માહિતી છુપાવવા બદલ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# વાંકુનીધાર આશ્રમ ખાતે પદ્મશ્રી રતિલાલ બોરીસાગરનું સન્માન



ખાંભા,તા.૧૧

ખાંભા નજીક વાંકુનીધાર સ્થિત પંચમુખી હનુમાનજી આશ્રમ ખાતે રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સંગઠન દ્વારા પદ્મશ્રી રતિભાઈ બોરીસાગરનો સન્માન સમારોહ યોજાયો હતો. અમરેલી જિલ્લા અને મહુવા તાલુકા જ્ઞાતિ સંગઠન પ્રેરિત આ કાર્યક્રમમાં મુક્તાનંદબાપુ અને રામબાલકદાસબાપુના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. નાની બાળાઓના સ્વાગત ગીતથી ગુંજી ઉઠેલા આ પ્રસંગે અનેક સંતો અને અગ્રણીઓએ ઉપસ્થિત રહ્યાં હતા.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૩૭૮/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ભાનુબેન નાથાભાઈ શિયાળ
સરનામું :- ઠે.વિસળીયા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસાળીયા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી ભાનુબેન નાથાભાઈ શિયાળ એ તેમની પુત્રી નામે શ્રી શિયાળ દિવ્યાબેન નાથાભાઈ નો જન્મ તા.૩૧/૦૧/૨૦૦૯ ના રોજ રાજુલા તાલુકાના વિસાળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૪૨૬/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી શિયાળ સોથીબેન રતનાભાઈ
સરનામું :- મુ.ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી શિયાળ સોથીબેન રતનાભાઈ એ તેમના પુત્રી નામે શ્રી શિયાળ પાંચીબેન રતનાભાઈ નો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૭ ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.આર.સીંધવ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૪૨૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી નાનજીભાઈ ભાણાભાઈ બારૈયા
સરનામું :- મુ.વિસળિયા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળિયા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળિયા મુકામે ના શ્રી નાનજીભાઈ ભાણાભાઈ બારૈયા એ તેમના પુત્રી નામે શ્રી અસ્મિતાબેન નાનજીભાઈ બારૈયા નો જન્મ તા.૨૭/૦૩/૨૦૦૭ ના રોજ રાજુલા તાલુકાના વિસળિયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી. શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તંત્રી લેખ

# રાજ્યસભાની ચૂંટણીનું બદલાતું રાજકીય ગણિત

ભારતીય લોકશાહી વ્યવસ્થામાં રાજ્યસભાની ચૂંટણી માત્ર સંસદના ઉપરલા ગૃહના સભ્યો પસંદ કરવાની પ્રક્રિયા નથી, પરંતુ તે રાજ્યોની રાજકીય શક્તિ, પક્ષોના સંખ્યાબળ અને રાજકીય સમીકરણોને પણ સ્પષ્ટ કરતી મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. હાલમાં દસ રાજ્યોની ૩૭ રાજ્યસભા બેઠકો માટેની ચૂંટણી પ્રક્રિયામાં રાજકીય ચિત્ર લગભગ સ્પષ્ટ થઈ ગયું છે. તેમાં સાત રાજ્યોની ૨૬ બેઠકો ઉપર ઉમેદવારો નિર્વિરોધ ચૂંટાઈ ગયા છે, જ્યારે બાકી ત્રણ રાજ્યોની ૧૧ બેઠકો માટે મતદાન થવાનું છે. આ સમગ્ર પ્રક્રિયા રાજકીય વ્યૂહરચના, પક્ષોની ગઠબંધન રાજનીતિ અને વિધાનસભામાં તેમના સંખ્યાબળનું પ્રતિબિંબ દર્શાવે છે. રાજ્યસભાની ચૂંટણી સીધી જનતા દ્વારા નહીં પરંતુ રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો દ્વારા થાય છે. તેથી દરેક રાજ્યમાં વિધાનસભાના સંખ્યાબળ પ્રમાણે પક્ષો પોતાના ઉમેદવારો ઊભા રાખે છે. જો કોઈ બેઠક માટે ઉમેદવારોની સંખ્યા નિર્ધારિત બેઠકો જેટલી જ હોય, તો તેઓ મતદાન વગર જ નિર્વિરોધ ચૂંટાઈ જાય છે. આ વખતે મહારાષ્ટ્ર, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, આસામ, તેલંગાણા, છત્તીસગઢ અને હિમાચલ પ્રદેશ સહિત સાત રાજ્યોમાં આવી જ સ્થિતિ સર્જાઈ હતી. આ રાજ્યોમાં જેટલી બેઠકો હતી એટલા જ ઉમેદવારો મેદાનમાં હોવાથી તમામ ૨૬ ઉમેદવારોને નિર્વિરોધ વિજય મળ્યો છે. આ પરિસ્થિતિ એક રીતે રાજકીય સમજૂતી અને સંખ્યાબળના સંતુલનનું પ્રતિબિંબ પણ છે. ઘણી વખત પક્ષો વચ્ચે પરસ્પર સમજુતી થતી હોય છે જેથી અનાવશ્યક ચૂંટણી ટાળી શકાય. આવું થવાથી રાજકીય તણાવ ઘટે છે અને ચૂંટણી પ્રક્રિયાનો ખર્ચ પણ ઓછો થાય છે. જોકે, જ્યાં રાજકીય સ્પર્ધા તીવ્ર હોય છે ત્યાં ચૂંટણી અનિવાર્ય બની જાય છે. આ વખતે ઓડિશા, બિહાર અને હરિયાણા - આ ત્રણ રાજ્યોમાં રાજકીય સ્પર્ધા સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. આ ત્રણ રાજ્યોની કુલ ૧૧ બેઠકો માટે ૧૧થી વધુ ઉમેદવારો મેદાનમાં હોવાથી ૧૬ માર્ચે વિધાનસભાઓમાં મતદાન યોજાશે. આ મતદાન માત્ર સંખ્યાબળનો જ નહીં પરંતુ રાજકીય વ્યૂહરચનાનો પણ પરીક્ષા ક્ષણ બની રહેશે. ઓડિશામાં ચાર રાજ્યસભા બેઠકો માટે પાંચ ઉમેદવારો મેદાનમાં છે. ભાજપે મનમોહન સામલ અને સુજિત કુમારને ઉમેદવારી આપી છે અને દિલીપ રેને સમર્થન આપ્યું છે. બીજી તરફ બીજુ જનતા દળે સંતૃપ્ત મિશ્રને ઉમેદવારી આપી છે જ્યારે કોંગ્રેસે ડૉ. દત્તેશ્વર મિશ્રને મેદાનમાં ઉતાર્યા છે. રાજકીય ગણિત પ્રમાણે ભાજપના બે અને બિજેડીના એક ઉમેદવારની જીત લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. પરંતુ ચોથી બેઠક માટે દિલીપ રે અને કોંગ્રેસના ડૉ. દત્તેશ્વર મિશ્ર વચ્ચે રસપ્રદ સ્પર્ધા જોવા મળશે. આ ચૂંટણીમાં વિધાનસભાના સભ્યોના મતદાન ઉપરાંત પક્ષોની આંતરિક એકતા પણ મહત્વની ભૂમિકા ભજવશે. બિહારમાં પણ રાજકીય લડત વધુ રસપ્રદ બની છે. રાજ્યસભાની પાંચ બેઠકો માટે છ ઉમેદવાર મેદાનમાં છે. ભાજપ તરફથી રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન અને શિવેશ કુમાર ઉમેદવાર છે. એનડીએના સાથી પક્ષ જનતા દળ યુનાઈટેડ તરફથી રામનાથ ઠાકુર અને મુખ્ય પ્રધાન નીતિશ કુમારે ઉમેદવારી નોંધાવી છે. પાંચમી બેઠક માટે એનડીએએ ઉપેન્દ્ર કુશવાહાને મેદાનમાં ઉતાર્યા છે જ્યારે વિપક્ષ આરજેડીએ અમરેન્દ્ર ધારી સિંહને ઉમેદવાર બનાવ્યા છે. આ બેઠક માટે મતદાન અનિવાર્ય બની ગયું છે અને તેમાં ગઠબંધનની રાજનીતિનો પરીક્ષાક્ષણ પણ જોવા મળશે. હરિયાણામાં પણ સ્થિતિ થોડી જટિલ છે. રાજ્યસભાની બે બેઠકો માટે ત્રણ ઉમેદવાર મેદાનમાં છે. ભાજપના સંજય ભાટિયા અને કોંગ્રેસના કર્મવીર સંખ્યાબળ પ્રમાણે પોતાની જીત તરફ આગળ વધી રહ્યા છે.

# રાષ્ટ્રીય ઉર્જા સુરક્ષા માટે એપ્લાઇડ શેવાળ સર્વોત્તમ



હોર્મુઝ સ્ટ્રેટ્સ બ્લોક થવાને કારણે વિશ્વભરમાં ઉર્જા સંકટ સર્જાયું છે.જગતના મોટા ભાગના દેશોમાં ડીઝલ પેટ્રોલ અને ગેસની સમસ્યા સર્જાણી છે.જેના ઉકેલ માટે ભારત સરકાર તાત્કાલિક પગલા લઈ રહી છે.આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સંશોધન ચાલી રહ્યા છે. ભાવનગરની સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ માં હાલ સી વિડ્સ અંગે મોટા પાયા પર સંશોધન ચાલી રહ્યું છે.જેને એપ્લાઈડ શેવાળ કહેવામાં આવે છે.

એપ્લાઈડ શેવાળ શું છે ? ભાવનગરના સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરિન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના મુખ્ય વૈજ્ઞાનિક પ્રો. ડૉ. વૈભવ એ. મંત્રીને તાજેતરમાં યોજાયેલી સીવીડ્સ પરની આંતરરાષ્ટ્રીય પરિષદ - સીવીડ્સ ૨૦૨૬ માં 'પ્રો. વી. કૃષ્ણમૂર્તિ એન્ડોમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડૉ. મંત્રીને છેલ્લા ૨૫ વર્ષોમાં એપ્લાઈડ શેવાળ વિજ્ઞાનના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તેમનું કાર્ય આર્થિક રીતે મહત્વપૂર્ણ સીવીડ માટે ખેતી તકનીકોમાં સુધારો કરવા પર કેન્દ્રિત છે, જેનાથી સમગ્ર વર્ષ દરમિયાન તેમની ખેતી શક્ય બને. ડૉ. મંત્રીએ કોન્ફરન્સમાં પ્રો. વી. કૃષ્ણમૂર્તિ એન્ડોમેન્ટ લેક્ચર આપ્યું હતું ડૉ. મંત્રી એપ્લાઈડ શેવાળ વિજ્ઞાન અને બાયોટેકનોલોજી માટે ભાવનગર આજે વિશ્વના કેન્દ્રમાં છે.ભવિષ્યમાં આ સંશોધનો રાષ્ટ્રને માટે ઉર્જા સુરક્ષાને સુરક્ષિત કરશે. વિશ્વ બજારોમાં હાલ ઊર્જા સંબંધિત અસ્થિરતા જોવા મળી રહી છે, પરંતુ પરિસ્થિતિને લઈને અતિશય ગભરાટ ફેલાવાની જરૂર નથી. વૈશ્વિક રાજકીય પરિસ્થિતિઓના કારણે તેલ અને ગેસના પુરવઠા અંગે અનિશ્ચિતતા ઊભી થઈ છે. કેટલાક આંતરરાષ્ટ્રીય નેતાઓના નિવેદનોને કારણે એવી આશા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષનો અંત બહુ લાંબો નહીં હોય. જો યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થાય તો હોર્મુઝ સ્ટ્રેટમાંથી ઊર્જા પુરવઠો ફરી સામાન્ય બની શકે છે અને વૈશ્વિક બજારોમાં પણ સ્થિરતા પરત આવી શકે છે.

પરંતુ હાલના સમયે ભારત માટે સૌથી મહત્વનો મુદ્દો ગેસનો પુરવઠો છે. ભારત પોતાની ઊર્જાની જરૂરિયાતોમાં મોટી હદ સુધી આયાત પર આધારિત છે. ખાસ કરીને એલપીજી અને કુદરતી ગેસના મોટા હિસ્સા માટે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

દેશ કતાર તથા અન્ય પશ્ચિમ એશિયાઈ દેશો પર નિર્ભર છે. હાલની પરિસ્થિતિમાં ટેન્કરોની અવરજવર પ્રભાવિત થવાથી પુરવઠાની ગતિ ધીમી પડી શકે છે. ગેસનું લાંબા સમય સુધી સંગ્રહ કરવું મુશ્કેલ હોય છે કારણ કે તેને ખૂબ નીચા તાપમાને રાખવું પડે છે, તેથી દેશ પાસે ઘણા અઠવાડિયાનો મોટો જથ્થો ઉપલબ્ધ રહેતો નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે ગેસના વિતરણને તાત્કાલિક રીતે વ્યવસ્થિત કરવાની દિશામાં પગલાં લીધાં છે. સામાન્ય રીતે ગેસનો મોટો હિસ્સો ખાતર ઉદ્યોગોને આપવામાં આવે છે, પરંતુ હાલની સ્થિતિમાં ઘરેલુ રસોઈ માટે **PNG** અને પરિવહન માટે **CNG**ને પ્રથમ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ત્યારબાદ ખાતર ઉદ્યોગો અને અન્ય ઉદ્યોગોને ગેસ ઉપલબ્ધતા મુજબ પુરવઠો કરવામાં આવશે. ઘરો માટે એલપીજીનો પુરવઠો યથાવત્ રાખવાનો પણ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમ છતાં, ગેસના ઉપયોગ અંગેની પ્રાથમિકતાઓ નક્કી કરતી વખતે બદલાતી જીવનશૈલી અને અર્થવ્યવસ્થાની વાસ્તવિકતાઓને પણ ધ્યાનમાં લેવાની જરૂર છે. દેશના લાખો કામદારો રોજિંદા ભોજન માટે ફેક્ટરી કેન્ટીન, ઢાબા અથવા નાના ખાણીપીણીના વ્યવસાય પર નિર્ભર છે. આવા વેપારીઓ અને સેવાઓ માટે ગેસનો પુરવઠો બંધ થઈ જાય તો સમગ્ર કામકાજ પ્રણાલી પર અસર પડી શકે છે. તેથી ઘરેલુ અને વ્યાવસાયિક ઉપયોગ વચ્ચે સંતુલન જાળવવું પણ એટલું જ જરૂરી છે.

આ ઉપરાંત સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે દેશમાં ગેસની કટોકટી વિશે કોઈ ખોટી ધારણા ઉભી ન થવી જોઈએ. ઘણી વખત માહિતીની અછત અથવા અફવાઓને કારણે લોકો ગભરાઈને વધારે સંગ્રહ કરવા લાગે છે, જેનાથી કૃત્રિમ અછત ઊભી થાય છે અને કિંમતો વધે છે. આથી સરકાર અને સંબંધિત સંસ્થાઓએ સ્પષ્ટ માહિતી આપી લોકોને વિશ્વાસમાં લેવું જરૂરી છે. આ પરિસ્થિતિ ઊર્જા બચત વિશે જાગૃતિ વધારવાનો પણ સારો અવસર બની શકે છે. રસોઈ કરતી વખતે ઢાંકણનો ઉપયોગ કરવો, ઈન્ડક્શન કૂકર અથવા માઈક્રોવેવ જેવા વિકલ્પો અપનાવવા , તેમજ અન્ય રીતે ઊર્જાનો સંયમિત ઉપયોગ કરવો જેવી આદતો ઊર્જા વપરાશ ઘટાડવામાં મદદરૂપ બની શકે છે. લાંબા ગાળાની દૃષ્ટિએ ભારત માટે આયાતી ગેસ પરની નિર્ભરતા ઘટાડવી અત્યંત જરૂરી છે. દેશમાં ઉપલબ્ધ કૃષિ અવશેષ અને બાયોમાસનો ઉપયોગ કરીને બાયોગેસનું ઉત્પાદન વધારવામાં આવે તો ઊર્જા સુરક્ષા મજબૂત બની શકે છે. આ સાથે જ રસાયણિક ખાતરોના વિકલ્પ તરીકે સજીવ ખાતરનો ઉપયોગ પણ વધારી શકાય, જેનાથી પર્યાવરણને લાભ મળશે અને દેશને દર વર્ષે મોટા પાયે વિદેશી મુદ્રાની બચત થશે. આ માટે એક સમયના ગુજરાતના ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડના અધ્યક્ષ વલ્લભભાઈ કથીરિયાએ ગાય આધારિત તંત્ર પર ખૂબ મોટા પાયા પર કામ કરેલું છે અને આગામી સમયમાં તેઓ પુનામાં આ અંગે મોટો સેમિનાર કરી રહ્યા છે જે બહુ આધારિત બાયોગેસ વિશે પણ વિસ્તારથી લોકોને સમજ આપવાના છે કે રાષ્ટ્રના વિકાસમાં એક અમૂલ્ય ફાળો ગણાશે.

હાલ આપણા દેશમાં રાંધણ ગેસ પેટ્રોલની બાબતમાં જે તકલીફો થઈ રહી છે તેમાં ધીરજ અને શાંતિ રાખવાની જરૂર છે સોશિયલ મીડિયાની અફવા ઉપર ધ્યાન આપવાનું નથી તેમ અપીલ કરવામાં આવી છે. આથી હાલની પરિસ્થિતિમાં ગભરાટ નહીં, પરંતુ સમજદારી અને સંતુલિત નીતિ જરૂરી છે. યોગ્ય આયોજન અને જનજાગૃતિ દ્વારા ભારત આ પડકારનો સામનો કરી શકે છે અને ભવિષ્યમાં ઊર્જા ક્ષેત્રમાં ભાવનગરની સંશોધન સંસ્થાના રિસર્ચને કારણે વધુ આત્મનિર્ભર બની શકે છે.

**હાલ આપણા દેશમાં સીએનજી અને રાંધણ ગેસની મોટી સમસ્યા ઊભી થઈ છે.જેને નિવારવા સરકાર તાત્કાલિક પગલા લઈ રહી છે. ઉર્જા સુરક્ષા ના ઉકેલ માટે બાયો ગેસ અને એગ્રીકલ્ચર વેસ્ટ નો ઉપયોગ કરી શકાય.આ બાયોગેસને કોમ્પ્રેસ કરી શકાય છે. આ ઓલ્ડ ટેક્નોલોજી છે તેને બદલે એપ્લાયડ શેવાળ સર્વોત્તમ છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૬૦ | ૧૬૨૦ |
| ઘઉં લોકવન | ૪૩૧ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૪૫૩ | ૫૬૫ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૧૦૧૨ |
| બાજરી | ૨૦૦ | ૩૦૦ |
| તુવેર | ૧૨૨૫ | ૧૬૧૦ |
| ચણા પીળા | ૯૨૫ | ૧૦૫૦ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૭૩૦ |
| અડદ | ૭૦૦ | ૧૬૪૦ |
| મગ | ૯૭૬ | ૧૫૪૭ |
| વાલ દેશી | ૫૭૫ | ૧૦૭૦ |
| ચોળી | ૯૫૦ | ૧૨૧૨ |
| વટાણા | ૮૪૦ | ૧૨૬૪ |
| રાજમા | ૧૧૦૦ | ૧૭૭૧ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૯૨૦ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૫૪૦ |
| મગફળી જીણી | ૧૦૭૦ | ૧૫૫૧ |
| તલી | ૧૫૦૦ | ૨૦૭૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૭૦ |
| અજમો | ૧૫૦૦ | ૨૨૦૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૬૮ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૬૮૫ |
| કાળા તલ | ૨૦૦૦ | ૪૩૦૦ |
| લસણ | ૯૫૦ | ૧૬૦૦ |
| ધાણા | ૧૦૭૫ | ૨૦૭૫ |
| મરચા સુકા | ૨૪૦૦ | ૭૮૦૦ |
| ધાણી | ૧૯૫૦ | ૨૫૩૫ |
| વરીયાળી | ૧૪૨૮ | ૧૬૧૦ |
| જીરૂ | ૩૫૨૫ | ૪૨૩૧ |
| રાય | ૧૦૬૫ | ૧૩૪૦ |
| મેથી | ૮૫૦ | ૧૫૫૦ |
| ઇસબગુલ | ૧૩૦૪ | ૧૩૦૪ |
| અશેરીયો | ૧૦૪૪ | ૧૨૧૦ |
| કલોંજી | ૩૭૦૦ | ૪૦૧૦ |
| રાયડો | ૯૭૦ | ૧૧૫૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૦૮૧ | ૨૫૮૯ |
| સાકરટેટી | ૨૧૧ | ૪૦૭ |
| તરબુચ | ૪૧૮ | ૬૨૭ |
| પપૈયા | ૮૨ | ૧૮૪ |
| બટેટા | ૮૧ | ૨૨૪ |
| ડુંગળી સુકી | ૬૨ | ૨૬૦ |
| ટમેટા | ૧૮૮ | ૩૧૦ |
| સુરણ | ૧૦૨૧ | ૧૨૨૪ |
| કોથમરી | ૨૦૭ | ૩૧૧ |
| સકરીયા | ૪૧૮ | ૬૧૪ |
| મુળા | ૩૯૧ | ૫૧૪ |
| રીંગણા | ૧૮૪ | ૪૪૪ |
| કોબીજ | ૫૮ | ૧૧૫ |
| ફ્લાવર | ૧૮૮ | ૨૯૯ |
| ભીંડો | ૭૧૯ | ૯૬૭ |
| ગુવાર | ૯૦૨ | ૧૧૮૯ |
| ચોળાસીંગ | ૫૯૫ | ૯૨૪ |
| વાલોળ | ૪૪૫ | ૭૦૨ |
| ટીંડોળા | ૩૫૭ | ૭૪૯ |
| દુધી | ૮૬ | ૧૨૩ |
| કારેલા | ૬૨૪ | ૮૦૧ |
| સરગવો | ૪૨૩ | ૯૧૧ |
| તુરીયા | ૪૨૮ | ૫૯૦ |
| પરવર | ૧૨૨૧ | ૧૬૮૦ |
| કાકડી | ૩૦૫ | ૫૮૨ |
| ગાજર | ૧૮૮ | ૨૯૮ |
| વટાણા | ૪૧૮ | ૬૨૭ |
| ગલકા | ૩૦૩ | ૪૧૧ |
| બીટ | ૬૭ | ૧૪૪ |
| મેથી | ૧૫૭ | ૨૪૮ |
| વાલ | ૭૧૪ | ૮૪૬ |
| ડુંગળી લીલી | ૨૧૨ | ૩૦૯ |
| આદુ | ૧૦૧૧ | ૧૨૨૧ |
| મરચા લીલા | ૬૧૦ | ૮૧૪ |
| લસણ લીલું | ૬૮૫ | ૧૧૯૦ |
| મકાઇ લીલી | ૧૩૮ | ૩૦૮ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૧ | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૪૪૪ | ૫૯૨ |
| ઘઉં ટુકડા | ૪૨૨ | ૬૨૧ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૫૨૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૮૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૩૧ | ૧૨૮૬ |
| જીરૂ | ૨૪૫૧ | ૪૩૬૧ |
| કલંજી | ૧૦૦૦ | ૩૯૦૦ |
| ધાણા | ૧૩૦૧ | ૨૩૮૧ |
| મરચા સુકા પટ્ટો | ૧૪૦૧ | ૧૨૯૦૧ |
| લસણ સુકું | ૭૦૧ | ૧૪૦૧ |
| ડુંગળી લાલ | ૬૬ | ૨૫૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૪૨૧ |
| તુવેર | ૧૧૦૧ | ૧૫૬૧ |
| રાયડો | ૧૦૫૧ | ૧૦૭૧ |
| રાય | ૧૧૭૬ | ૧૩૫૧ |
| મેથી | ૭૫૧ | ૧૩૯૧ |
| કાંગ | ૪૦૧ | ૫૩૧ |
| મરચા | ૧૬૦૧ | ૭૭૦૧ |
| મગફળી જાડી | ૧૧૦૧ | ૧૫૨૬ |
| સફેદ ચણા | ૧૦૨૬ | ૧૭૨૧ |
| તલ - તલી | ૧૨૦૦ | ૨૧૫૧ |
| ધાણી | ૧૪૦૧ | ૩૦૫૧ |
| ડુંગળી સફેદ | ૨૦૬ | ૨૬૧ |
| બાજરો | ૩૦૧ | ૩૭૧ |
| જુવાર | ૪૫૧ | ૧૦૨૧ |
| મકાઇ | ૨૩૧ | ૩૫૧ |
| મગ | ૧૪૮૧ | ૧૮૮૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૬૧ |
| વાલ | ૫૫૧ | ૧૧૦૧ |
| ચોળા / ચોળી | ૪૭૬ | ૬૬૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૦૫૬ |
| ગોગળી | ૬૦૧ | ૧૦૫૧ |
| વટાણા | ૪૦૧ | ૮૫૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૮૦ | ૪૦૦ |
| મરચા | ૩૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૨૩૦૦ |
| કોબી | ૨૦ | ૧૬૦ |
| દુધી | ૪૦ | ૧૬૦ |
| ફ્લાવર | ૨૦ | ૩૦૦ |
| કાકડી | ૬૦ | ૬૦૦ |
| રીંગણા | ૬૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૮૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| તુવેર | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૩૦૦ | ૬૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૪૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૩ | ૫ |
| કોથમીર પુરા | ૨ | ૬ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| ચૂરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૨૮૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૪ | ૧૨ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૪૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૪૮૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ફણશી | ૬૦૦ | ૮૦૦ |
| મકાઇ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૦ |
| પાલક પુરા | ૨ | ૩ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૧૩૪૫ | ૧૪૧૫ |
| શિંગ ગીરનાર | ૧૩૭૫ | ૧૪૫૦ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૪૬૦ |
| શિંગદાણા | ૧૫૦૦ | ૧૬૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૫૦ | ૧૬૮૦ |
| તલ સફેદ | ૧૦૯૫ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૪૨૭૦ |
| તલ કાશમીરી | ૧૯૦૦ | ૧૯૮૦ |
| જુવાર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘઉં ટુકડા | ૩૮૫ | ૫૯૦ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૫૦૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૯૦૫ | ૧૦૦૦ |
| દેશી ચણા | ૧૦૧૦ | ૧૧૦૦ |
| ચણા સફેદ | ૯૫૦ | ૧૦૦૦ |
| છોલે ચણા | ૧૪૦૫ | ૧૪૦૫ |
| તુવેર | ૯૨૫ | ૧૫૦૦ |
| કપાસ | ૧૦૦૫ | ૧૬૪૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૨૫૦ |
| રાયડો | ૧૦૩૫ | ૧૦૩૫ |
| રાય | ૭૬૫ | ૧૦૦૫ |
| ધાણા | ૧૬૬૦ | ૨૧૭૦ |
| ધાણી | ૧૭૦૦ | ૨૮૬૫ |
| અજમા | ૧૨૯૦ | ૧૨૯૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૪૫ |
| મરચા લાંબા | ૧૨૧૦ | ૬૮૦૦ |
| મરચા ઘોલર | ૩૫૦૦ | ૬૨૧૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૨૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૩૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૬૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૬૦ |
| શકકરીયા | ૪૦૦ | ૪૯૦ |
| ટમેટાં | ૨૫૦ | ૩૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૪૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૦૦ | ૧૮૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦૦ | ૩૦૦ |
| મૂળા | ૨૦૦ | ૨૮૦ |
| કાકડી | ૨૫૦ | ૩૨૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૨૦ |
| વટાણા | ૬૦૦ | ૬૫૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| વાલ | ૬૦૦ | ૭૨૦ |
| તુવેર | ૬૫૦ | ૭૫૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૫૦ |
| આદુ | ૧૧૨૦ | ૧૨૭૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૨૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૫૦૦ | ૬૨૦ |
| ટીંડોરા | ૫૨૦ | ૬૩૦ |
| બીટ | ૨૦૦ | ૨૬૦ |
| સરગવો | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૮૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૮૦૦ |
| મરચાં લાલ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૨૭૦ |
| ડુંગળી લીલી | ૧૨૦ | ૨૦૦ |
| લસણ લીલું | ૪૦૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૧૨૦૦ | ૧૮૩૦ |
| પાલક | ૩૦૦ | ૪૩૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૫૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૪૯૨ |
| શીંગ મોટી | ૧૩૪૦ | ૧૫૫૨ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૨૫ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૬૫૦ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૩૬૭ |
| કપાસ | ૧૩૮૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૮૦ |
| મકાઈ | ૪૫૦ | ૬૫૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૪ |
| દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૩૪૦ | ૧૫૦૦ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૬૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૭૦ |
| રાય/રાયડો | ૯૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૭૦૦ | ૩૦૦૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૦૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૫૨ | ૧૪૫૨ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ઘઉં | ૩૫૫ | ૪૩૫ |
| ચણા | ૮૫૦ | ૧૦૧૩ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૫ |
| ધાણા | ૧૮૫૦ | ૧૯૫૬ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૭૫ |
| ઘઉં લોકવન | ૩૫૧ | ૪૩૫ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૦૮ |
| ચણા | ૯૦૦ | ૧૦૧૨ |
| ધાણા | ૧૫૦૦ | ૨૦૨૦ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| તુવેર | ૯૫૦ | ૧૪૨૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૮૧૫ |
| મગફળી | ૯૬૦ | ૧૧૫૦ |
| લસણ | ૧૯૦ | ૧૯૦ |
| સોયાબીન | ૮૩૫ | ૧૦૪૮ |
| ચણા સોલે | ૧૦૦૦ | ૧૦૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૪૪૦ | ૧૬૦૫ |
| કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૩૯૦ |
| મગફળી | ૧૨૩૫ | ૧૨૭૫ |
| જીરૂ | ૩૩૭૦ | ૪૧૮૦ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૩૦ |
| ઘઉં | ૪૬૯ | ૫૨૧ |
| ધાણા | ૧૪૩૦ | ૨૩૦૦ |

**મોટા લીલીયા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૬૦ | ૧૫૫૧ |
| તુવેર | ૧૦૧૫ | ૧૦૧૫ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૭૦ | ૧૪૬૭ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૬ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૪૦ |
| ઘઉં લોકવન | ૩૮૦ | ૪૯૫ |
| રાય | ૧૦૦૦ | ૧૧૮૮ |
| રાયડો | ૯૨૧ | ૧૦૫૨ |
| મેથી | ૮૫૦ | ૧૨૧૬ |
| જુવાર | ૭૧૫ | ૧૦૨૪ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૩૦ |
| ચણા | ૯૪૦ | ૧૦૩૭ |
| સોયાબીન | ૯૨૧ | ૧૦૩૦ |
| ધાણા | ૧૪૦૦ | ૨૧૯૯ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૨ | ૧૫૨૭ |
| ચણા | ૯૫૧ | ૧૦૨૫ |
| સોયાબીન | ૮૭૫ | ૮૭૫ |
| જુવાર સફેદ | ૧૧૫૧ | ૧૨૧૧ |
| તુવેર | ૧૦૨૬ | ૧૪૮૧ |
| ધાણા | ૧૭૦૧ | ૨૦૯૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૨૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૯૦૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૧૧૫૦ | ૧૨૨૫ |
| તલ સફેદ | ૨૨૨૫ | ૨૨૨૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| બાજરો | ૩૧૧ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૩૦૦ | ૪૯૦ |
| જુવાર | ૫૦૧ | ૧૦૭૧ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ચણા | ૬૧૧ | ૧૦૫૧ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| મેથી | ૧૧૦૧ | ૧૨૦૦ |
| સોયાબીન | ૮૫૦ | ૯૭૦ |
| રાય | ૭૦૭ | ૧૨૮૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૬૦૧ |
| ઘઉં | ૪૦૧ | ૪૪૩ |
| ચણા | ૮૫૧ | ૧૦૪૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૪૯૧ |
| મગફળી | ૭૦૧ | ૧૧૪૧ |
| શીંગ ફાડા | ૧૨૦૧ | ૧૪૨૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૬૩૬ |
| જીરૂ | ૩૮૪૧ | ૩૮૪૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૨૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૪૬ |


**મહુવા**

| | | |
|---|---|---|
| શિંગ ૬૬ | ૧૨૫૫ | ૧૩૬૦ |
| શિંગ ૩૯ | ૧૧૦૧ | ૧૧૬૦ |
| શિંગ જી ૨૦ | ૧૦૬૨ | ૧૫૦૦ |
| જુવાર | ૩૦૦ | ૭૬૬ |
| બાજરી | ૩૦૦ | ૬૪૧ |
| ઘઉં ટુકડા | ૪૩૭ | ૬૪૦ |
| અડદ | ૩૦૦ | ૧૧૫૦ |
| રાય | ૯૦૦ | ૧૨૭૦ |
| મગ | ૭૯૧ | ૨૫૧૦ |
| ધાણા | ૩૦૦ | ૨૦૦૦ |
| ચણા | ૮૨૮ | ૧૦૫૧ |
| તલ સફેદ | ૧૧૧૦ | ૧૧૧૦ |
| તલ કાળા | ૧૦૧૦ | ૪૦૭૦ |
| તુવેર | ૧૨૪૫ | ૧૫૦૪ |
| જીરૂ | ૪૬૩૦ | ૪૬૩૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૨૩૯ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૩૫૦ |
| કપાસ શંકર | ૭૦૦ | ૧૪૮૮ |
| નાળીયેર | ૫૫૫ | ૨૨૦૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| બાજરો | ૩૩૦ | ૩૩૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૪ |
| મગ | ૭૮૫ | ૭૮૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૫૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૪૦ |
| વાલ | ૯૮૦ | ૧૧૦૦ |
| મેથી | ૧૨૫૫ | ૧૨૬૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૯ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૯૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૪૦૫ |
| રાયડો | ૧૦૫૦ | ૧૦૮૨ |
| રાય | ૧૧૦૦ | ૧૨૯૫ |
| લસણ | ૧૦૬૦ | ૧૩૫૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| જીરૂ | ૧૦૦૦ | ૪૧૦૫ |
| અજમો | ૧૩૩૦ | ૩૪૦૦ |
| અમજમાની ભૂસી | ૫૦ | ૨૪૦૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૪૭૦ |
| ધાણી | ૧૮૦૦ | ૨૪૭૦ |
| મરચા | ૧૯૦૦ | ૬૨૯૫ |
| ડુંગળી | ૪૦ | ૨૦૫ |
| વટાણા | ૫૦૦ | ૧૦૩૫ |
| રાજમા | ---- | ---- |

## શબ્દ સંજોગ-૨૧૬૦



**આડી ચાવી :**
(૧) ભારતનું એક રાજય (૩)
(૩) એક વિલાયતી ધાન્ય (૨)
(૫) નવાઈ, આશ્ચર્ય (૩)
(૬) વડોદરા અને ભરૂચ વચ્ચેનો પ્રદેશ (૩)
(૮) મૂળ ઉપરથી ઉતારેલુ બીજુ લખાણ (૩)
(૧૦) પરમાણુનો ઘન-વિજાણુ (૩)
(૧૧) બેત, લાગ (૨)
(૧૨) નવલુ (૩)
(૧૪) હસ્તી, ગજ (૨)
(૧૫) જનની, જનેતા (૧)
(૧૮) તાલાવેલી, છલંગ (૩)
(૨૦) નકદ, કેશ (૩)
(૨૨) લગભગ સાડી આડત્રીસ રૂપિયાભાર જેટલુ એક અંગ્રેજી વજન (૩)
(૨૩) વસ્ત્રનો વણાટ (૨)
(૨૪) એક હિંસક પ્રાણી (૨)
(૨૫) એક પ્રખ્યાત મોઘલ બાદશાહ (૪)
(૨૬) વિદ્યુત શક્તિવાળી એક ધાતુ (૪)

**ઉભી ચાવી :**
(૧) બેસવાની જગા (૩)
(૨) રાજાનું નિવાસસ્થાન (૩)
(૩) તલ્લીન, તન્મય (૪)
(૪) આંખનો ચાળો (૨)
(૬) વન, જંગલ (૩)
(૭) મુસાફરી, ટપ્પો (૩)
(૯) એક જાતનું હલકુ કઠોળ (૩)
(૧૧) અંગૂઠાના ટેરવાથી તે ટચલી આંગળીના ટેરવા સુધીનું અંતર (૨)
(૧૩) માયાળુ, સ્નેહાળ (૩)
(૧૪) જાવકની ખાતાવાર નોંધ (૩)
(૧૬) પ્રકાર, રીત (૨)
(૧૭) હોડ, કરાર (૩)
(૧૮) એક તેલી બી (૨)
(૧૯) ઢોલ જેવુ વાદ્ય (૪)
(૨૧) કઠણ, આકરુ (૩)
(૨૩) ગયે વર્ષે કે આવતે વર્ષે (૨)
(૨૪) એક આલ્ફાબેટ (૨)

## શબ્દ સંજોગ-૨૧૫૯ જવાબ

**આડી ચાવી:** (૧) આખી (૨) વૃશ્ચિક (૪) તાપી (૬) શ્રધ્ધા (૭) સરરર (૮) સાવ (૯) વામ (૧૦) કસ (૧૧) ખમણ (૧૨) કસવુ (૧૪) લાળ (૧૫) તીરંદાજ (૧૮) ડમરો (૨૦) માઝા (૨૨) રસમ (૨૪) ફરસી (૨૭) હે. (૨૮) સતાવવુ. **ઉભી ચાવી:** (૧) આથો (૨) વૃધ્ધા (૩) કસમ (૪) તારકસ (૫) પીરસવું (૬) શ્રવણ (૮) સામ (૯) વાદ (૧૧) ખમતીધર (૧૨) કળ (૧૩) હજમ (૧૪) લાટી (૧૬) દાડમ (૧૭) તમા (૧૯) રોફ (૨૧) ઝાલવું (૨૩) સમુ (૨૫) રસ (૨૬) સીતા.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીના આંગણે લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલની 'રીજીયન કોન્ફરન્સ' ભવ્ય રીતે સંપન્ન : ૮ ક્લબોના સભ્યો જોડાયા

અમરેલી,તા.૧૧

અમરેલીના અમર પાર્ટી પ્લોટ ખાતે લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના યજમાન પદે લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-જેની રીજીયન-૫ ની કોન્ફરન્સ યોજાઈ હતી. રીજીયન ચેરપર્સન લાયન જયેશભાઈ પંડ્યાની અધ્યક્ષતામાં આયોજિત આ કાર્યક્રમમાં અમરેલી, ભાવનગર અને સિહોર સહિતની કુલ ૮ લાયન્સ અને લિઓ ક્લબોના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. લાયન દિનેશભાઈ સોરઠીયા દ્વારા ધ્વજવંદન અને કોન્ફરન્સ કન્વીનર લાયન પ્રા. એમ.એમ. પટેલ દ્વારા સ્વાગત પ્રવચન બાદ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર વસંતભાઈ મોવલિયા અને પૂર્વ મલ્ટીપલ કાઉન્સીલ ચેરપર્સન કમલેશભાઈ શાહે લાયનવાદની સેવાકીય જ્યોત છેવાડાના માનવી સુધી પહોંચાડવા અપીલ કરી હતી. ડિસ્ટ્રિક્ટ ગવર્નર અભયભાઈ શાહ, પ્રથમ વાઈસ ગવર્નર હાર્દિકભાઈ મહેતા અને દ્વિતીય વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર નિરવભાઈ વડોદરિયાએ રીજીયન-૫ની સુંદર કામગીરીને બિરદાવી હતી અને 'નીડ બેઝ સર્વિસ પ્લસ' સૂત્રને સાર્થક કરવા અનુરોધ કર્યો હતો. ઝોન ચેરપર્સન કૌશિકભાઈ હપાણી અને ડો. દશરથભાઈ પ્રજાપતિએ પોતપોતાના ઝોનની ક્લબોની વહીવટી અને સેવાકીય પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરી અલગ-અલગ થીમ સાથે આકર્ષક બેનર પ્રેઝન્ટેશન કરાવ્યું હતું. બેનર પ્રેઝન્ટેશન સ્પર્ધામાં લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) પ્રથમ, લાયન્સ ક્લબ ઓફ અમરેલી (રોયલ) દ્વિતીય અને લાયન્સ ક્લબ ઓફ ભાવનગર (વેસ્ટ) તૃતીય સ્થાને આવતા તેમને મોમેન્ટો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, વિવિધ સેવાકીય કાર્યોમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર આઠ લાયન્સ ક્લબ અને એક લિઓ ક્લબને પણ સન્માનિત કરાઈ હતી. કાર્યક્રમનું સફળ સંચાલન શરદભાઈ વ્યાસે કર્યું હતું અને આભારવિધિ પ્રમુખ ઋજુલભાઈ ગોંડલિયા દ્વારા કરવામાં આવી હતી. આ કોન્ફરન્સને સફળ બનાવવા માટે સેક્રેટરી પરેશભાઈ કાનપરીયા અને ટ્રેઝરર અશ્વિનભાઈ ડોડીયા સહિતના લાયન સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.






## રાજુલાના મહે. એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા

જન્મ મરણ અરજી નં.૩૩૭/૨૦૨૫

અરજદાર :- ગુજરીયા જીવરાજ નારણભાઈ
ઉ.વ.૩૯, ધર્મે હિન્દુ, ધંધો : મજુરી
રહે : મુ. ખેરા તા.રાજુલા જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : ખેરા, તા.રાજુલા જી.અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખેરા ગામના રહીશ ગુજરીયા જીવરાજ નારણભાઈની પુત્રી નં.૩ વનિતાબેન જીવરાજભાઈ ગુજરીયાની જન્મ તા.૧૧/૦૫/૨૦૧૧ અને પુત્રી નં.૪ અંજલીબેન જીવરાજભાઈ ગુજરીયાનો જન્મ તા.૩૦/૦૫/૨૦૧૪ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# આનંદ પંડિત અને વૈશલ શાહની નવી ગુજરાતી ફિલ્મના શૂટીંગનો થયેલ પ્રારંભ : રક્ષાબંધન પર રિલીઝ કરાશે

અમદાવાદ,તા.૧૧

આનંદ પંડિત અને વૈશલ શાહની નવી ગુજરાતી ફિલ્મનું શુટીંગનો ભવ્ય પ્રારંભ આજરોજ થયો છે. આ ફિલ્મ રક્ષાબંધનના દિવસે રીલીઝ કરાશે. નવી ગુજરાતી ફિલ્મનું મુહૂર્ત આજે શાનદાર રીતે યોજાઈ ગયું. આ પ્રસંગે બહુમુખી કલાકારો મલ્હાર ઠાકર, યશ સોની, આરોહી પટેલ, આરતી પટેલ, સંદીપ પટેલ સહિતના હાજર રહ્યા હતા. આ ફિલ્મના ખ્યાતના કલાકાર રોનક કામદાર, મિત્ર ગઢવી, તત્સત મુન્શી, ચેતન દૈયા જોવા મળશે. ફિલ્મનું રિલીઝીંગ રક્ષાબંધનના દિવસે રજૂ કરાશે. આ ફિલ્મ માનવ અને કૂતરા વચ્ચેના અવિનાશી સંબંધને આધુનિક પરીકથા સ્વરૂપે રજૂ કરે છે. આ અવસરે આનંદ પંડિતે કહ્યું કે, અમારો પ્રયાસ એક એવી પારિવારિક ફિલ્મ બનાવીએ જેમાં પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ અને પરિવારમાં તેમના મહત્વને સુંદર રીતે રજૂ કરવામાં આવશે.



## ધોરાજી શહેરમાં પવિત્ર રમઝાન માસની ભાવભેર ઉજવણી કરાઈ

ધોરાજી,તા.૧૧

પવિત્ર રમજાન માસ હવે અંતિમ ચરણોમાં પહોંચ્યો છે અને મુસ્લિમ સમાજમાં ઈબાદત અને બંદગીનો માહોલ વધુ ગાઢ બન્યો છે. ધાર્મિક જાણકારો મુજબ આ વર્ષે રમજાનના ૩૦ રોજા થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ વાત એ છે કે જો ૩૦ રોજા થશે તો ૩૦મો રોજો અને જુમતુલ વિદા એક સાથે આવવાની શક્યતા છે, જેને કારણે મુસ્લિમ સમાજમાં ખાસ આત્મીયતા અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રમજાનના છેલ્લા દસ દિવસોને ખુબ જ અફઝલ માનવામાં આવે છે. આ દિવસોમાં લોકો વધુમાં વધુ નમાજ, કુરઆન તિલાવત, દુઆ અને ઈબાદતમાં સમય પસાર કરી રહ્યા છે. મસ્જિદોમાં તરાવીહ અને નમાજે શબીનાના કાર્યક્રમો પણ ભક્તિભાવ સાથે યોજાઈ રહ્યા છે, જેમાં મોટી સંખ્યામાં લોકો હાજરી આપી રહ્યા છે. બીજી તરફ, રમજાન અંતિમ ચરણમાં પહોંચતા બજારોમાં પણ ભારે રોનક જોવા મળી રહી છે. કપડાં, મીઠાઈ, ખજૂર, સુકા મેવા અને ઈદની ખરીદી માટે લોકો મોટી સંખ્યામાં બજારોમાં ઉમટી રહ્યા છે. વેપારીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# અમરેલીમાં 'ધ કેરલા સ્ટોરી-૨' જોવા હિન્દુ દિકરીઓને અનુરોધ

અમરેલી,તા.૧૧

અમરેલીમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા લવ-જેહાદ જેવા ગંભીર વિષય પર આધારિત ફિલ્મ 'કેરાલા-૨' જોવા માટે ખાસ આગ્રહ કરવામાં આવ્યો છે.

સંસ્થાના અગ્રણી ડૉ. જી.જે. ગજેરાની સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર વર્તમાન સમયમાં યુવા પેઢી અને ખાસ કરીને દિકરીઓને જાગૃત કરવી અનિવાર્ય છે. આથી દરેક માતા-પિતાએ પોતાના સંતાનો સાથે આ ફિલ્મ જોવી જોઈએ જેથી સમાજમાં ફેલાઈ રહેલા કુરિવાજો અને ષડયંત્રો સામે સુરક્ષા મેળવી શકાય. હિન્દુ દિકરીઓ લવ-જેહાદ જેવા દુષણને નજીકથી જોઈ શકે તે માટે ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

## વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામા આવે છે.અમારા અસીલની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :- સાવર કુંડલા,મોજે-મોલડીના ખેડ ખાતા નં.૨૨૫ જેના રે.સર્વે નં.૩૦/૨, જેનુ કુલ મળીને ક્ષેત્રફળ :- ૧-૪૦-૬૩ હે.આરે.ચો.મી. (૧) સાવલીયા વીઠલભાઈ લખમણભાઈ,ના નામે ચાલે છે. જે જુની શરતની છે. જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણ કર્તાના સયુંકત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭માં પુરાવા સહિત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલક્તમા કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તે માની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા-૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો. ૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૨૮૨/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રાઘવભાઈ દેવગણભાઈ જોળીયા
સરનામું :- મુ.વિસળીયા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળીયા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી રાઘવભાઈ દેવગણભાઈ જોળીયા એ તેમના પુત્રી નામે શ્રી શિવાનીબેન રાઘવભાઈ જોળીયા નો જન્મ તા.૦૫/૦૯/૨૦૧૭ ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.આર.બલદાણીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## -:: જાહેર નોટીસ ::-

## -//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.18/2026
જન્મ તારીખ : 28/07/1993

શ્રી જુબેદાબેન હબીબભાઈ ચૌહાણ,
રહે.મંડવાળી શેરી, બુખારી મહોલ્લા, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એ.એમ.નકવી, કોડીનાર. ...........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી જુબેદાબેન હબીબભાઈ ચૌહાણ, રહે.મંડવાળી શેરી, બુખારી મહોલ્લા, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના સાસુ સ્વ.મરીયમબેન હુસેનભાઈ ચૌહાણનું મરણ તારીખ.28/07/1993ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૭ માહેઃ માર્ચ સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

## :: જાહેર નોટીસ ::

આથી અમે નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલીના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભોરીંગડા ગામે આવેલી ખેતીની જમીનના માલીક શ્રી નરશીભાઈ વલ્લભભાઈ અકબરી ના સ્વતંત્ર નામે ખેડ ખાતા નં-૭૯૭, સ.નં-૧૧૩ (જુનો સ.નં-૧૧૪/ પૈકી ૧), ક્ષેત્ર.હે.આરે.ચોમી.૨-૯૨-૨૮, આકાર-૧૧.૬૦ વાળી ખેતીની જુની શરતની જમીન આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીનના ૭/૧૨, ૮અ માં શ્રી દાડમા સેવા સહકારી મંડળી લી. ના અંકે રૂા.૧૫,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોક્ત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામા આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૧૧/૦૩/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)
મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચૂરણ કેસ નં. ૪૩૮/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી સોલંકી દુલાભાઈ નાજાભાઈ
સરનામું :- મુ.છતડીયા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - છતડીયા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના છતડીયા મુકામે ના શ્રી સોલંકી દુલાભાઈ નાજાભાઈ એ તેમના માતા નામે સ્વ. જશોદાબેન નાજાભાઈ સોલંકી નું મરણ તા.૧૩/૧૦/૨૦૨૨ ના રોજ રાજુલા તાલુકાના છતડીયા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એ.બી. શિયાળ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## :: કુલમુખત્યારનામુ ખોવાઈ ગયા અંગેની જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ સંજય એચ.ભેસાણીયા, રહે.અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, અમરેલી જિલ્લાના અમરેલી ગામે સુધરાઈ હદમા બટારવાડી મા આવેલ રહેણાંક મકાન કે જેનો રે.સ.નંબર ૮૭ પૈકી, સીટી સર્વે નંબર ૧૪૩૭ પૈકી, જેના ચો.મી.૨૩૯-૧૯ વાળી મિલ્કત હાલ અરસીલ અમીનભાઈ ડબાવાલા, રહે.અમરેલીવાળાની માલીકી કબજા ભોગવટાની આવેલ છે.

આ ઉપરોકત મિલ્કતના ઉતરોઉતર દસ્તાવેજ નંબર ૧૩૩૩, તા.૨૧/૦૮/૧૯૮૯ના રોજનો (૧) કમળાબેન નારણદાસ ડોડીયા (૨) શોભનાબેન નરોતમદાસ ડોડીયા (૩) હંસાબેન ચંદુલાલ ડોડીયાના કુલ મુખત્યાર નરોતમદાસ ગોકળદાસ ડોડીયા, રહે.મુંબઈ વાળાએ વેચાણ આપેલ છે. આ કુલમુખત્યારનામાની નકલ જે તે સમયે આપવામાં આવેલ હતી પરંતુ તેની નકલ ક્યાંક ખોવાઈ ગયેલ છે. તેવી માહીતી અમોને આપેલ છે. જેથી ઉપરોકત કુલ મુખત્યારનામાની નકલ જો કોઈને મળેલ હોય કે મળે તો તેમણે નીચે જણાવેલ સરનામે દિન-૫ માં જાણ કરવા અગર પહોંચતી કરવા આથી જાણ કરવામા આવે છે. આ ઉપરાંત મિલ્કતની માલીકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈ પણ પ્રકારના હકક-હિત કે હિસ્સા સમાયેલ હોય કે તે બાબતે કોઈને પણ કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે હરકત હોય તો જરૂરી આધાર પુરાવા સાથે તેવા હકક, હીત કે હીસ્સો સબંધેના આધારો અમારી પાસે દિન-૫માં અમારા સરનામે રજુ કરશો જો તેમ નહી કરવામાં આવે તો આ મિલ્કત ટાઈટલ કલીયર અને ચોખ્ખી અને બિન તકરારી છે તેવુ માની આગળની કાર્યવાહી કરવામા આવશે અને આ પછી કોઈપણનો વાંધો-તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૧૧/૦૩/૨૦૨૬
અમરેલી.

અમારા અસીલની સુચનાથી
અરસીલ અમીનભાઈ ડબાવાલા

સંજય એચ.ભેસાણીયા
એડવોકેટ એન્ડ નોટરી
જી-૬૯, ગ્રાઉન્ડ ફ્લોર,
સરદાર શોપીંગ સેન્ટર,
જીલ્લા પંચાયત સામે,અમરેલી
(મો.૯૩૭૪૫ ૯૬૭૪૫)

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી), સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલીના અમોના અસીલોની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-લોંકા ગામે ખેડ ખાતા નં-૧૧૨ના (૧) સ.નં-૬૬ (જુનો સ.નં-૧૦/૧ પૈકી ૨) હે.આરે.ચોમી.૧-૬૫-૦૨, આકાર-૮.૬૬ (૨) સ.નં-૬૭ (જુનો સ.નં-૧૦/૧ પૈકી ૧) હે.આરે.ચોમી.૩-૭૨-૨૮, આકાર-૧૯.૬૭ (૩) સ.નં-૬૮ (જુનો સ.નં-૧૩/૨) હે.આરે.ચોમી. ૧-૨૭-૭૭, આકાર-૬.૫૧ વાળી ખેતીની જમીનો હાલના ગામ નમુના નં.૭/૧૨, ૮અ માં ખાતેદાર શ્રી ચંદુલાલ મનસુખલાલ બુટાણીના સ્વતંત્ર નામે આવેલ છે. સદરહુ જમીનો ખાતેદાર શ્રી ચંદુલાલ મનસુખલાલ બુટાણી એ તેમના ભાઈ અરૂણભાઈ મનસુખભાઈ બુટાણીને ભેટ દસ્તાવેજથી આપેલ છે, તથા હકપત્રકે તેની નોંધ નં-૧૨૭૫-ભેટ, તા.૧૭/૦૨/૨૦૨૬ થી પડેલ છે. જે નોંધની સ્થિતિ કાચી છે.

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીન ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણેથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર ૭/૧૨ માં જણાવેલ બોજા સિવાય કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

મારા અસીલોની સુચના અને ફરમાઈશથી.....

સ્થળ :- લીલીયા
તારીખ :- ૧૧/૦૩/૨૦૨૬

એસ.પી.ભડકોલીયા
(એડવોકેટ & નોટરી)

## -:: જાહેર નોટીસ ::-

## -//એકઝીક્યુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.94/2026
જન્મ તારીખ : 30/08/2000

શ્રી ભાણજીભાઈ બાબુભાઈ કામળીયા,
રહે.જુની નગરપાલીકાની બાજુમાં, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ભાણજીભાઈ બાબુભાઈ કામળીયા, રહે.જુની નગરપાલીકાની બાજુમાં, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ભાણજીભાઈ બાબુભાઈ કામળીયા તથા શાંતાબેન ભાણજીભાઈ કામળીયાના પુત્ર મયુરભાઈ ભાણજીભાઈ કામળીયાનો જન્મ તારીખ.30/08/2000ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ

## -:: અસલ દસ્તાવેજો ગુમ થવા અંગેની જાહેર નોટીસ ::-

આથી અમો રાધાબેન વાલજીભાઈ ધોળકીયા, રહે. મંગળપરા - લાઠી, તા.લાઠી, જી.અમરેલી વાળા આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે, અમોએ લાઠી ગામે આવેલ ખેડ ખાતા નં.-૧૭૫૯ ઉપર ચાલતી રે.સ.નં.૬૬૭/૬૭-૧ પૈકી ૬/ પૈકી ૧, જેનુ ક્ષેત્રફળ હે.આરે.૦-૪૦-૪૭ વાળી જમીન અમોએ ભગવાનભાઈ નાનજીભાઈ ધોળકીયા તથા રામજીભાઈ નાનજીભાઈ ધોળકીયાની પાસેથી વેચાણ દસ્તાવેજ નં.૩૯૬, તા.૨૯/૦૬/૨૦૨૦ના રોજ ખરીદ કરેલ હતી અને તેમા ક્ષેત્રફળ સુધારા અંગેનો ચુક દસ્તાવેજ નં.૬૬૭, તા.૨૧/૦૯/૨૦૨૦ના રોજ લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવેલા છે તે અસલ દસ્તાવેજો તથા તેની રજીસ્ટર પહોચની અમોએ ઘણી શોધખોળ કરવા છતા અમોને મળી આવેલ નથી. તેમજ અમો જાહેર કરીએ છીએ તે દસ્તાવેજો અમોએ કે અમારી અગાઉના માલીકોએ કોઈપણ બેક/સંસ્થા/ કોઈ ખાનગી કે વ્યકિતગત કોઈપણ જગ્યાએ ગીરો કે તેના ઉપર કોઈપણ પ્રકાનું કરજ કરેલુ નથી. અમે તે દરસ્તાવેજો નં.૩૯૬, ૨૯/૦૬/૨૦૨૦ તથા તેનો ચુક દસ્તાવેજ નં.૬૬૭, તા.૨૧/૦૯/૨૦૨૦ જયારે પણ અસલ દસ્તાવેજ અમોને મળી આવશે ત્યારે તે અમો હાલના જમીન ખરીદનાર (૧) અરજણભાઈ લાલજીભાઈ ધોળકીયા, (૨) નાગજીભાઈ લાલજીભાઈ ધોળકીયાને પરત સોંપી આપવાના છે. તેમજ જો ઉપરોકત દસ્તાવેજ અમારા સિવાય અન્ય કોઈપણ વ્યકિતને મળી આવે તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૧૦ (દસ)માં અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી રજુ કરવા અમારા નીચેના સરનામા ઉપર સોંપવા આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે.

પત્ર વ્યવહારનું સરનામું :-
રાધાબેન વાલજીભાઈ ધોળકીયા
રહે. મંગળપરા-લાઠી, તા.લાઠી, જી.અમરેલી.
મો.નં. ૯૪૨૮૬ ૨૪૭૨૪

નોટીસ પ્રસિધ્ધ કરનાર
સહી
રાધાબેન વાલજીભાઈ ધોળકીયા

# મુખ્ય ચૂંટણી કમિશનર સામે વિપક્ષ લાવશે મહાભિયોગ પ્રસ્તાવ : ૧૮૦થી વધુ સાંસદોના હસ્તાક્ષર


નવી દિલ્હી, તા.૧૧




દેશના ઈતિહાસમાં પ્રથમ વખત મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) વિરુધ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારીઓ તેજ થઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિરોધ પક્ષો ગુરુવારે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુધ્ધ મહાભિયોગની નોટિસ દાખલ કરી શકે છે. આ નોટિસ લોકસભા અને રાજ્યસભા બંને ગૃહમાં રજૂ કરવામાં આવશે, જેમાં અત્યાર સુધીમાં લોકસભાના ૧૨૦ અને રાજ્યસભાના ૬૦ સાંસદોએ હસ્તાક્ષર કર્યા છે. 'ઈન્ડિયા' ગઠબંધનના તમામ પક્ષો આ મુદ્દે એકમત હોવાનું જણાય છે. મતદાર યાદીઓના સુધારા પ્રક્રિયામાં ગેરરીતિના આક્ષેપો સાથે વિપક્ષ આક્રમક મૂડમાં છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો છે કે આગામી ચૂંટણીઓ પહેલા મોટી સંખ્યામાં મતદારોના નામ જાણી જોઈને કાઢી નાખવામાં આવ્યા છે. રાહુલ ગાંધી અને અખિલેશ યાદવે પણ બિહાર અને અન્ય રાજ્યોમાં આ પ્રક્રિયા દ્વારા 'મત ચોરી' થઈ રહી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૨૪(૫) મુજબ, મુખ્ય ચૂંટણી કમિશનરને પદ પરથી હટાવવા માટે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જેવી જ મહાભિયોગ પ્રક્રિયા અનુસરવી પડે છે.

# દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડ્રોન હુમલો થતા એક ભારતીય સહિત ચાર લોકો ઘાયલ

દુબઈ,તા.૧૧



બુધવારે સવારે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક ઈરાન દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલામાં એક ભારતીય નાગરિક સહિત ચાર લોકો ઘાયલ થયા હોવાની પુષ્ટિ થઈ છે. દુબઈ સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, એરપોર્ટની નજીકમાં બે ડ્રોન પડ્યા હતા. આ ઘટનામાં ઘાનાના બે, બાંગ્લાદેશના એક અને ભારતના એક નાગરિકને સામાન્ય ઈજાઓ પહોંચી છે.

સુરક્ષા એજન્સીઓએ આ ગંભીર ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. જોકે, આ હુમલા છતાં હવાઈ ટ્રાફિક હાલમાં સામાન્ય રીતે કાર્યરત છે. ઉલ્લેખનીય છે કે, ૧ માર્ચના રોજ પણ એરપોર્ટના એક ભાગમાં ડ્રોન હુમલાથી નુકસાન થયું હતું, પરંતુ કટોકટીની યોજનાઓને કારણે મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે ૨૮ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં આ પ્રદેશના સાત મુખ્ય એરપોર્ટ પરથી આશરે ૪૦,૦૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે અને ૫૧,૬૦૦ થી વધુ ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે. કોવિડ-૧૯ મહામારી પછી હવાઈ મુસાફરીમાં આ સૌથી મોટો વિક્ષેપ માનવામાં આવી રહ્યો છે. દુબઈ એરપોર્ટ વહીવટીતંત્રે મુસાફરોને એરલાઈન પાસેથી પુષ્ટિ મેળવ્યા બાદ જ એરપોર્ટ પર આવવા સલાહ આપી છે, કારણ કે ફ્લાઈટ્સ સરેરાશ ૬૦ થી ૯૦ મિનિટ મોડી ચાલી રહી છે.

# અમેરિકા દ્વારા 'તેલ ખરીદીની મંજૂરી' આપતું નિવેદન ભારત માટે અપમાન : કોંગ્રેસ

નવી દિલ્હી,તા.૧૧

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટના તાજેતરના નિવેદન બાદ ભારતમાં રાજકીય ગરમાવો આવ્યો છે. લેવિટે જણાવ્યું હતું કે અમેરિકાએ ભારતને રશિયન તેલ ખરીદવાની 'અસ્થાયી મંજૂરી' આપી છે અને ભારતને એક 'સારો સહયોગી' ગણાવ્યો છે. કોંગ્રેસે આ નિવેદન સામે આકરો વાંધો ઉઠાવતા તેને ભારતની સાર્વભૌમત્વ અને રાષ્ટ્રીય ગૌરવનું ગંભીર અપમાન ગણાવ્યું છે. કોંગ્રેસે સોશિયલ મીડિયા પર સવાલ ઉઠાવતા કહ્યું કે, ભારત પોતાની જરૂરિયાત મુજબ તેલ ખરીદવા માટે કોઈ અન્ય દેશની 'મંજૂરી' પર નિર્ભર નથી. પાર્ટીએ વડાપ્રધાન મોદીના મૌન પર નિશાન સાધતા પૂછ્યું કે, ભારત સરકાર આ પ્રકારની ભાષા સામે વિરોધ કેમ નોંધાવતી નથી? શું ભારતની વિદેશ નીતિ હવે બહારથી નક્કી થઈ રહી છે? વ્હાઈટ હાઉસે દલીલ કરી છે કે પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે ઉર્જા પુરવઠો ખોરવાય નહીં તે માટે આ ટૂંકા ગાળાની છૂટ આપવામાં આવી છે, પરંતુ વિપક્ષ તેને દેશના સન્માન સાથે થયેલી બાંધછોડ ગણાવી રહ્યો છે.

# ૧૫ માર્ચે દિલ્હીમાં ટી-૨૦ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ખેલાડીઓ માટે ભવ્ય સમારોહનું કરાયુ આયોજન

નવી દિલ્હી,તા.૧૧



છેલ્લા બે વર્ષમાં ભારતીય ક્રિકેટ ટીમે વૈશ્વિક સ્તરે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળ ભારતે ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬નો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો છે. આ વિજયી ખેલાડીઓના માનમાં બીસીસીઆઈ આગામી ૧૫ માર્ચે દિલ્હીમાં એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવા જઈ રહ્યું છે.

આ કાર્યક્રમ માત્ર પુરુષ ટીમ પૂરતો મર્યાદિત નથી. બીસીસીઆઈ સચિવ દેવજીત સૈકિયાના જણાવ્યા મુજબ, ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ જીતનાર ટીમ, ૨૦૨૫નો વનડે વર્લ્ડ કપ જીતનાર મહિલા ટીમ, તેમજ અંડર-૧૯ વર્લ્ડ કપમાં વિજેતા બનેલી પુરુષ અને મહિલા ટીમોને પણ આ દિવસે સન્માનિત કરવામાં આવશે. આ સમારોહમાં ટીમના કોચ અને સપોર્ટ સ્ટાફને પણ ખાસ આમંત્રણ આપવામાં આવ્યું છે. દરમિયાન, માર્ચના અંતમાં શરૂ થનારી આઈપીએલની નવી સીઝન માટે પણ હલચલ તેજ થઈ છે. બીસીસીઆઈ દ્વારા ૧૨ માર્ચે આઈપીએલનું શેડ્યૂલ જાહેર થવાની શક્યતા છે. ૧૫ માર્ચે દિલ્હીમાં જ તમામ ટીમોના કેપ્ટનોની બેઠક યોજાશે, જેમાં નવા નિયમોની જાણકારી આપવામાં આવશે અને સત્તાવાર ફોટોશૂટ કરવામાં આવશે. ૧૫ માર્ચનો દિવસ ભારતીય ક્રિકેટ માટે ઉજવણી અને વ્યૂહરચના એમ બંને દૃષ્ટિએ અત્યંત વ્યસ્ત અને મહત્વનો રહેશે.

# યુધ્ધ વચ્ચે ભારત રશિયા પાસેથી ૩ કરોડ બેરલ ક્રુડ ઓઈલ ખરીદશે

ન્યુ દિલ્હી,તા.૧૧



પશ્ચિમ એશિયામાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા જતા સંઘર્ષને કારણે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાતો સ્ટ્રેટ ઓફ હોર્મુઝ રૂટ પ્રભાવિત થયો છે. આ ભૌગોલિક રાજકીય અસ્થિરતા વચ્ચે ક્રૂડ ઓઈલના પુરવઠાને સુરક્ષિત રાખવા માટે ભારત હવે રશિયા તરફ વળ્યું છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ ભારતીય તેલ કંપનીઓ જેવી કે આઈઓસી અને રિલાયન્સ રશિયા પાસેથી અંદાજે ૩ કરોડ બેરલ તેલ ખરીદવા માટે સજ્જ છે. અમેરિકાએ રશિયન તેલ શિપમેન્ટ માટે ભારતને મર્યાદિત સમયની રાહત આપી હોવાના દાવા છતાં ભારતીય સત્તાધીશોએ સ્પષ્ટ કર્યું છે કે દેશની ઊર્જા સુરક્ષા અન્ય કોઈ રાષ્ટ્રની પરવાનગી પર નિર્ભર નથી. ભારત પોતાની જરૂરિયાત મુજબ સ્વતંત્ર રીતે તેલ ખરીદવાનું ચાલુ રાખશે.


**Bandhan Bank**

રીજનલ ઑફિસઃ નેતાજી માર્ગ, મીઠાખળી છ રસ્તા પાસે, એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬.
ફેક્સઃ ૯૧–૭૯–૨૬૫૬૦૬૪૯ | ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૫૩૦૦
વેબસાઈટ: www.bandhan.bank.in

**વેચાણ સૂચના માટે હરાજી અને ટેન્ડર**

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ–હરાજી વેચાણ સૂચના, જે સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વાંચવામાં આવે છે. આ દ્વારા સામાન્ય રીતે જાહેર જનતા અને ખાસ કરીને ઋણ લેનાર(ઓ) અને ગેરંટી આપનાર(ઓ) ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/ઓ સુરક્ષિત લેણદારને ગીરવે મૂકવામાં/ચાર્જ કરવામાં આવી છે, જેનો ભૌતિક કબજો બંધન બેંક લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે ''જેમ છે ત્યાં છે'', ''જેમ છે તેમ છે જે છે તેના આધારે'' અને ''જે કંઈ છે તેના આધારે'' વેચવામાં આવશે.

મિલકત/ઓ, જે વેચવાની છે તેની ચોક્કસ વિગતો નીચે આપેલા શેડ્યૂલમાં દર્શાવેલ છેઃ

| ક્રમ નં. | ઋણ લેનારાઓનું નામ, લોન ખાતા નંબર, કબજાની તારીખ/ શાખાનું નામ | વેચવામાં આવનાર મિલકતનું વર્ણન (સુરક્ષિત સંપત્તિ) | સુરક્ષિત દેવું જેમાં ઉધાર લેનારાઓ દ્વારા આજ સુધી ચૂકવવામાં આવેલી રકમ, જો કોઈ હોય તો, વધુ વ્યાજ, ખર્ચ, ચાર્જ વગેરેનો સમાવેશ થાય છે. | રિઝર્વ કિંમત અને ઈ.એમ.ડી. ૧૦% છે. |
|---|---|---|---|---|
| ૧. | શ્રી રાજુભાઈ શાંતિલાલ હિંગુ<br>શ્રીમતી દક્ષાબેન રાજુભાલ હિંગુ<br>૨૦૦૦૨૧૬૦૦૦૦૩૮૭<br>૨૦.૦૬.૨૦૨૫<br>રાજુલા | તમામ ચલ અને અચલ સંપત્તિ સિટી સર્વે નંબર ૨૫૪૩. ફ્લેટ નં.૧૦૪, પહેલો માળ, બિલ્ટ અપ એરિયા ૩૨.૭૦ ચો. મીટર., સાગર કોમ્પ્લેક્સ, રામી મંદિર પાસે, મુ.તાલ– રાજુલા, જિ. અમરેલી–૩૬૫૫૬૦ | તા.૧૯.૧૨.૨૦૨૪ ના રોજ રૂ.૧,૧૨,૯૫૧.૩૨<br>તા.૦૬.૧૦.૨૦૨૫ ના રોજ રૂ.૧,૯૧,૯૭૫.૮ | રૂ.૩,૬૦,૮૧૦.૦૦<br>ઈએમડી રૂ. ૩૬,૦૮૧.૦૦ |

| | |
|---|---|
| બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ | ક્રમ નં. ૧ માટે<br>માર્ચ ૨૫, ૨૦૨૬ નાં રોજ અથવા તે પહેલા બપોરે ૩:૦૦ વાગ્યે બી–વિંગ બીજો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવિયા ચોક રાજકોટ–૩૬૦૦૦૧ |
| મિલકત નિરીક્ષણ તારીખ અને સમય સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર | ક્રમ નં. ૧ માટે<br>માર્ચ ૨૦, ૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી, રાજા ડાંગર– ૯૩૭૪૧૨૫૭૫૨ |
| ઈ–હરાજીની તારીખ અને સમય | માર્ચ ૨૭, ૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી |

**અન્ય નિયમો અને શરતોઃ**

૧. ઉપરોક્ત મિલકતો બેંકને ખબર હોય ત્યાં સુધી કોઈપણ બોજ વિના વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી/બેંક કોઈપણ તૃતીય પક્ષના દાવા/હકો/લેણાં/મુકદ્દમા માટે જવાબદાર રહેશે નહીં. ઈચ્છુક બોલી લગાવનાર વ્યક્તિએ કોઈપણ બોજ અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને બંધન બેંકની વેબસાઈટ પર આપેલી લિંક https://bandhan.bank.in/properties-for-sale નો સંદર્ભ લો.
૨. ઉપરોક્ત મિલકતો બેંકની દેખરેખ હેઠળ મેસર્સ ઈ–પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ લિમિટેડ (ઓક્શન ટાઈગર) દ્વારા ટેન્ડર કમ ઈ–ઓક્શન દ્વારા વેચવામાં આવશે. હરાજી/બિડિંગ ફક્ત ''ઓનલાઈન ઈલેક્ટ્રોનિક બિડિંગ'' દ્વારા જ થશે, જે વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net/EPROC/ દ્વારા પ્રોપર્ટી આઈડી ૩૫૬૯૮૨ સાથે હશે. સંપર્ક વ્યક્તિ શ્રી મૌલિક શ્રીમાળી. સંપર્ક નંબર ૯૧૭૩૫૨૮૭૨૭. બિડર્સને સલાહ આપવામાં આવે છે કે તેઓ ઈ–હરાજી વેચાણ કાર્યવાહીમાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે વેબસાઈટ તપાસે.
૩. બંધન બેંક લિમિટેડના પક્ષમાં ડિમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડર દ્વારા જમા કરાવવાની રકમ (EMD) રિઝર્વ કિંમતના ૧૦% જેટલી હશે. હરાજીની તારીખ પહેલાં બધી શાખાઓમાં ચૂકવવાપાત્ર રહેશે.
૪. ઈચ્છુક બોલી લગાવનાર વ્યક્તિએ હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત સંબંધિત સ્થળે અધિકૃત અધિકારીને ઈ.એમ.ડી. રકમ અને સ્વ–પ્રમાણિત કે.વાય.સી. દસ્તાવેજો સાથે બિડ ફોર્મ સબમિટ કરવાનું રહેશે. સીલબંધ પરબિડીયું કવર પર ''બિડ ફોર્મ અને પ્રોપર્ટી આઈ.ડી. સાથે ઈ–ઓક્શન માટે ઈ.એમ.ડી.'' લખેલું હોવું જોઈએ.
૫. ઉપર જણાવ્યા મુજબ હરાજી અનામત કિંમતે શરૂ થશે. બિડરો તેમની ઓફર રૂ. ૧૦,૦૦૦/– ના ગુણાંકમાં સુધારશે અને દરેક બિડ માટે પંદર મિનિટ માટે વિસ્તૃત/માન્ય રહેશે.
૬. ઓનલાઈન હરાજી બંધ થવા પર સૌથી વધુ બોલી (રિઝર્વ કિંમતથી ઉપર) સબમિટ કરનાર બોલી લગાવનારને સફળ બોલી લગાવનાર જાહેર કરવામાં આવશે. સફળ બોલી લગાવનારની તરફેણમાં વેચાણની પુષ્ટિ કરવામાં આવશે, જેમાં હરાજીના દિવસે ઈ.એમ.ડી. રકમ સહિત વેચાણ કિંમતના ૨૫% અને ૧૫ દિવસની અંદર બાકીની રકમ ચૂકવવામાં આવશે.
૭. વેચાણ બંધન બેંક લિમિટેડ દ્વારા પુષ્ટિને આધીન રહેશે.
૮. વેચાણ આ સૂચના અને ટેન્ડર દસ્તાવેજના નિયમો અને શરતોને આધીન રહેશે. અધિકૃત અધિકારીને કોઈપણ બિડ સ્વીકારવાનો અથવા નકારવાનો અથવા વેચાણના નિયમો અને શરતોમાં ફેરફાર કરવાનો અથવા વેચાણ/ઈ–હરાજી મુલતવી રાખવા/લંબાવવા/મુલતવી રાખવાનો સંપૂર્ણ અધિકાર છે, કોઈપણ કારણ આપ્યા વિના.
૯. કોઈપણ વિવાદના કિસ્સામાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.

તારીખઃ માર્ચ ૧૨, ૨૦૨૬
સ્થળઃ ગુજરાત

અધિકૃત અધિકારી
બંધન બેંક લિમિટેડ


# ભારતીય શેરબજાર કડડભૂસ : સેન્સેક્સ ૧,૩૪૨ પોઈન્ટ તૂટ્યો, નિફ્ટી ૨૪,૦૦૦ની નીચે સરક્યો

મુંબઈ,તા.૧૧



પશ્ચિમ એશિયામાં વધતા ભૂ-રાજકીય તણાવ અને ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા તોતિંગ ઉછાળાને કારણે બુધવારે ભારતીય શેરબજારમાં ભારે વેચવાલી જોવા મળી હતી. એક દિવસની રાહત બાદ બજારના બંને મુખ્ય સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી લગભગ ૨ ટકા ઘટીને બંધ થયા હતા. વિદેશી ભંડોળનો સતત આઉટફ્લો (નિકાસ) અને બેંકિંગ ક્ષેત્રના મોટા ગજાના શેરોમાં વેચાણને કારણે રોકાણકારોની સંપત્તિમાં મોટું ધોવાણ થયું છે. અમેરિકી ડોલર સામે રૂપિયો પણ ૧૬ પૈસા ઘટીને ૯૨.૦૧ ના સ્તરે બંધ રહ્યો હતો.

૩૦ શેર ધરાવતો બીએસઈ (BSE) સેન્સેક્સ ૧,૩૪૨.૨૭ પોઈન્ટ (૧.૭૨%) ના ઘટાડા સાથે ૭૬,૮૬૩.૭૧ પર બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન તે એક સમયે ૧,૪૪૬ પોઈન્ટ સુધી ગગડ્યો હતો. તેવી જ રીતે, ૫૦ શેર ધરાવતો એનએસઈ (NSE) નિફ્ટી ૩૯૪.૭૫ પોઈન્ટ (૧.૬૩%) ઘટીને ૨૩,૮૬૬.૮૫ ની સપાટીએ બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૩૦ કંપનીઓમાં બજાજ ફાઈનાન્સ, એક્સિસ બેંક, બજાજ ફિનસર્વ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, મારુતિ અને ભારતી એરટેલ ટોપ લુઝર્સ રહ્યા હતા, જ્યારે સન ફાર્મા અને એનટીપીસીમાં સામાન્ય વધારો જોવા મળ્યો હતો.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, પશ્ચિમ એશિયાની કટોકટીને કારણે ઉર્જાના ભાવમાં વધારો અને મુખ્ય શિપિંગ માર્ગોમાં વિક્ષેપની ભીતિએ બજારની માનસિકતા પર નકારાત્મક અસર કરી છે. આવી ભૂ-રાજકીય ઉથલપાથલ તીવ્ર અસ્થિરતાનું કારણ બને છે, કારણ કે રોકાણકારો જોખમી બજારોમાંથી નાણાં ખેંચીને સલામત સંપત્તિ તરફ વળે છે. બુધવારે ફ્યુચર્સ ટ્રેડમાં ક્રૂડ ઓઈલના ભાવ રૂ.૪૬૦ વધીને રૂ.૭,૮૮૧ પ્રતિ બેરલ થયા હતા. વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૫.૭૬% વધીને ૯૨.૮૬ ડોલર પર પહોંચ્યું છે. બજારના ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ (FII) મંગળવારે રૂ.૪,૬૭૨.૬૪ કરોડના શેર વેચ્યા હતા, જેની સામે સ્થાનિક રોકાણકારોએ (DII) રૂ.૬,૩૩૩.૨૬ કરોડની ખરીદી કરી હોવા છતાં બજાર ગગડતું અટક્યું ન હતું.


**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ-નં.૭૪/૨૦૨૬

પ્રતિ,
શ્રી રતનબેન દુર્ગાભાઈ રાઠોડ
રહે.સૈયદ રાજપરા, ગામ-સૈયદ રાજપરા, તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, કે.એસ.રાઠોડ, ઉના ...........અરજદાર

-: વિરૂધ્ધ :-

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત સૈયદ રાજપરા, તા.ઉના, જિ. ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામના રહીશ દુર્ગાભાઈ જેઠાભાઈ રાઠોડ તથા રતનબેન દુર્ગાભાઈ રાઠોડના પુત્ર શુકર દુર્ગાભાઈ રાઠોડનો જન્મ તારીખ **01/01/1999** ના રોજ ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત સૈયદ રાજપરા, તાલુકો-ઉના સને-**1999** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૦/૦૪/૨૦૨૬ ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૦૩/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી
(ડી.કે. ભીમાણી)
એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
ઉના



**વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ થી જાણ/તાકીદ કરવામા આવે છે.અમારા અસીલ ની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકોઃ-સાવર કુંડલા, મોજે–મોલડીના ખેડ ખાતા નં.૬૮૦ જેના રે.સર્વે નં.૩૦/૨/પૈકી ૧,જેનુ કુલ મળીને ક્ષેત્રફળ –૧–૫૮-૮૪ હે.આરે. ચો.મી.(૧) સાવલીયા કાળુભાઈ લખમણભાઈ,ના નામે ચાલે છે. જે જુની શરતની છે. જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણ કર્તાના સયુંક્ત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. મજકુર મિલક્તના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલક્તમા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલક્ત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલક્તમાં જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટતથા અન્ય કોઈપણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭મા પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલક્તમા કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક હિત, હિસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તે માની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થા ની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હક્કો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા-૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો. ૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ



-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.15/2026
જન્મ તારીખ : 01/01/1990

શ્રી વંશ રઈબેન ડાયાભાઈ,
રહે.વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી પી.પી.વાઘેલા, કોડીનાર. ...........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વેલણ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી વંશ રઈબેન ડાયાભાઈ, રહે. વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના સસરા સ્વ.કરશનભાઈ જેઠાભાઈ વંશનું મરણ તારીખ.01/01/1990ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩ માહેઃ ફેબ્રુઆરી સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ



**વિષય :- દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ**

આથી અમો નીચે સહી કરનાર દેવરાજ વી ખાંભલીયા એડવોકેટ એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામા આવે છે.અમારા અસીલની સુચના અને ફરમાઈશ જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :- સાવરકુંડલા, મોજે-ભુવાના ખેડ ખાતા નં.૪૭૩ જેના રે. સર્વે નં.૧૭૫ પૈકી ૨,જેનુ કુલ મળીને ક્ષેત્રફળ :- ૨-૧૧–૪૪ હે.આરે. ચો.મી. (૧) પરેશભાઈ પ્રાગજીભાઈ વેકરીયાના નામે ચાલે છે. જે જુની શરત ની છે. જે ખેતીની બીન પીયત જમીન સદરહુ જમીનના માલીક, કબજેદાર અને ધારણ કર્તાના સયુંક્ત/સ્વતંત્ર નામે ચાલી આવેલ છે મજકુર મિલક્તના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલક્તમા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલક્ત અમારા અસીલને વેચાણ આપવા માટે નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલક્તમાં જો કોઈનો વાંધો વિરોધ કે હકક, હીત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટતથા અન્ય કોઈ પણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઈ બેંક કે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે દિન-૭ માં પુરાવા સહીત લેખીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલક્તમા કોઈ વ્યક્તિ કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક હીત, હીસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તે માની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈ પણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી, જેની જનતાને નોંધ લેવી.

સરનામુઃ-
દેવ કોર્પોરેટ ઓફીસ
ગ્રામ પંચાય કચેરીની સામે,
લીલીયા મોટા–૩૬૫૫૩૫
મો.૮૪૬૦૪૪૮૧૮૨,
મો. ૯૪૨૬૫ ૫૪૧૭૨

સહી
લી.આપનો વિશ્વાસુ

**સૌથી વધુ અમરેલી તાલુકામાં જ્યારે સૌથી ઓછા લીલીયા તાલુકામાં બાળકો ગૂમ થયા**

# અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૪૬ બાળકો ગૂમ થયાની ફરિયાદ

**પોલીસની સજાગતાથી ૧૩૫ બાળકો સહી સલામત રીતે મળી આવ્યા**

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન બાળકો ગુમ થવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગૃહમાં પુછાયેલ પ્રશ્નો અનુસાર, આ સમયગાળામાં કુલ ૧૪૬ બાળકો ગુમ થયા હોવાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ તંત્રની સક્રિય કામગીરી અને વિવિધ ટીમોના સંકલનને પરિણામે આ પૈકીના ૧૩૭ બાળકોને સુરક્ષિત રીતે શોધી કાઢી તેમના પરિવાર સાથે પુનઃમિલન કરાવવામાં સફળતા મળી છે. જોકે, હજુ પણ ૯ બાળકો લાપતા છે, જેમના માટે તપાસ તેજ કરવામાં આવી છે. તાલુકાવાર વિગતો તપાસતા માલૂમ પડે છે કે સૌથી વધુ ૩૫ બાળકો અમરેલી તાલુકામાંથી ગુમ થયા હતા, જે વહીવટી તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો હતો. તેની સરખામણીએ લીલીયા તાલુકામાં માત્ર બે બાળકો ગુમ થયા હોવાના અહેવાલ છે




| તાલુકો | વર્ષ (૧-૧-૨૪થી ૩૧-૧૨-૨૪) | વર્ષ (૧-૧-૨૫થી ૩૧-૧૨-૨૫) |
|---|---|---|
| અમરેલી | ૨૧ | ૧૪ |
| સા.કુંડલા | ૦૮ | ૧૩ |
| રાજુલા | ૦૯ | ૦૭ |
| બાબરા | ૦૩ | ૦૭ |
| ધારી | ૦૬ | ૧૧ |
| લાઠી | ૦૭ | ૦૮ |
| જાફરાબાદ | ૦૫ | ૦૨ |
| વડિયા | ૦૪ | ૦૩ |
| ખાંભા | ૦૫ | ૦૩ |
| બગસરા | ૦૫ | ૦૩ |

# છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતના હાઈ-વે પર રૂા.૨૦,૩૮૩ કરોડ ટોલ વસુલાયો

ન્યુ દિલ્હી, તા.૧૧

રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ગુજરાતના હાઈવે અંગે મહત્વની વિગતો રજૂ કરી હતી. કેન્દ્ર સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના રાષ્ટ્રીય ધોરીમાર્ગો પરથી કુલ રૂ. ૨૦,૩૮૩ કરોડની માતબર ટોલ વસૂલાત કરી છે. તેની સામે આ જ સમયગાળા દરમિયાન રાજ્યમાં હાઈવેના નિર્માણ, જાળવણી અને આધુનિકીકરણ માટે કેન્દ્ર દ્વારા રૂ. ૪૭,૨૩૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જે દર્શાવે છે કે વસૂલાત કરતા વિકાસ પાછળ બમણાથી વધુ રકમ ખર્ચાઈ છે. પ્રશ્નોત્તરી દરમિયાન મુંબઈ-અમદાવાદ અને અમદાવાદ-રાજકોટ જેવા મુખ્ય રૂટના બાંધકામની સમયમર્યાદા તેમજ ભરૂચ અને હિંમતનગર હાઈવે પરના ખાડાઓની સમસ્યા અંગે પણ ચર્ચા થઈ હતી. સરકારે ખાડાઓના નિવારણ અને રોડની સપાટી સુધારવા માટે કડક પગલાં લેવાની ખાતરી આપી છે.



# રાજ્યમાં પ્રથમવાર બેન્કનું સર્વર હેક કરી કરોડોની ચોરી : ભાવનગર ડિસ્ટ્રિક્ટ બેન્કને ૭ કરોડનો ફટકો

ભાવનગર, તા.૧૧

ગુજરાતમાં સાયબર ક્રાઈમની એક ચોંકાવનારી ઘટનામાં ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેન્કનું સર્વર હેક કરીને અંદાજે રૂ.૭ કરોડની ચોરી કરવામાં આવી છે. સાયબર ગઠિયાઓએ રવિવારની રજાનો લાભ ઉઠાવી બેન્કની મોબાઈલ એપ્લિકેશન દ્વારા સિસ્ટમમાં બિનઅધિકૃત પ્રવેશ મેળવ્યો હતો. તળાજા, ભરતનગર, સુભાષનગર અને સિદસર બ્રાન્ચના ડેટા સિક્યુરિટીમાં ગાબડું પાડી હેકર્સ દ્વારા ૪ મોબાઈલ ફોનની મદદથી કુલ ૩૫૦ ટ્રાન્ઝેક્શન કરીને નાણાં સેરવી લેવાયા હતા. ઘટનાની જાણ થતા જ બેન્કે સાવચેતીના પગલાં રૂપે તમામ ૮૮ શાખાઓની ઓનલાઈન કામગીરી સ્થગિત કરી દીધી છે. બેન્કના ચેરમેન રસિક ભીંગરાડિયાએ ખાતાધારકોને આશ્વાસન આપ્યું છે કે તેમની થાપણો સુરક્ષિત છે અને હાલ સોફ્ટવેર સિસ્ટમ અપગ્રેડ કરવાની કામગીરી ચાલી રહી છે. અંદાજે રૂ.૨ કરોડ જેટલી રકમ સીઝ કરવા માટે અન્ય બેન્કોને જાણ કરવામાં આવી છે અને ગાંધીનગર સ્ટેટ સાયબર સેલમાં ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરાઈ છે.




# રાજ્યમાં ગેસ અને પાણીના જથ્થા મુદ્દે મુખ્યમંત્રી એક્શનમાં : કેબિનેટ બેઠકમાં અધિકારીઓને કડક આદેશ

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મળેલી રાજ્ય કેબિનેટની મહત્વની બેઠકમાં ગેસ, પેટ્રોલિયમ પેદાશો અને પાણીના પુરવઠા અંગે સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. રાજ્યમાં ગેસનો જથ્થો કોઈપણ સંજોગોમાં ખોરવાય નહીં તે માટે મુખ્યમંત્રીએ અધિકારીઓને કેન્દ્રીય એજન્સીઓ અને ગેસ કંપનીઓ સાથે સતત સંકલનમાં રહેવા કડક સુચના આપી છે. આ ઉપરાંત, કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાનું ચુસ્ત પાલન કરવા પણ જણાવાયું છે. વધતી જતી ગરમીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મુખ્યમંત્રીએ પાણી વ્યવસ્થાપન અંગે પણ મહત્વના આદેશો આપ્યા હતા. ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં પીવાનું પાણી અને ખેતી માટે સિંચાઈનું પાણી સમયસર અને પૂરતા પ્રમાણમાં મળી રહે તે સુનિશ્ચિત કરવા તાકીદ કરી છે. આ બેઠકમાં ખેડૂતોની રજૂઆતોને ધ્યાને લઈ ઘઉંની ટેકાના ભાવે ખરીદી અને બટાકાના ભાવ અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં આગામી દિવસોમાં વિધાનસભામાં રજૂ થનારા સરકારી વિધેયકો પર પણ વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવી હતી.



# ગાંધીધામમાં 'જનતા રેડ' પાડનાર 'આપ' નેતાઓ સામે એટ્રોસિટીની ફરિયાદ થતા પોલીસે બે નેતાઓની ધરપકડ કરી

ભુજ, તા.૧૧

કચ્છના ગાંધીધામમાં દારૂના અડ્ડા પર 'જનતા રેડ' પાડવાનો મામલો હવે રાજકીય વળાંક લઈ રહ્યો છે. આમ આદમી પાર્ટીના પૂર્વ જિલ્લા પ્રમુખ ડો. કાયનાત આથા અને દિગુભા જાડેજા સામે એક મહિલાએ જાતિ વિષયક અપમાન અને તોડફોડની એટ્રોસિટી હેઠળ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદના આધારે પોલીસે બંને નેતાઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ, 'આપ' નેતા કૈલાશદાન ગઢવીએ પોલીસ અને સરકાર પર ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે, દારૂના અડ્ડાઓની યાદી આપવા છતાં પોલીસે કાર્યવાહી ન કરતા જનતાએ રેડ પાડવી પડી હતી. તેમણે આ સમગ્ર મામલાને બુટલેગરોને બચાવવા માટે રચાયેલું ષડયંત્ર ગણાવ્યું છે. હાલ આ ઘટનાએ કચ્છના રાજકારણમાં ભારે ગરમાવો લાવી દીધો છે.




# અમદાવાદના ઈસનપુરમાં જેઠે ભાઈની પત્ની સાથે કરી છેડતી, શારીરિક સંબંધની માંગણી કરનાર આરોપીની ધરપકડ

અમદાવાદ, તા.૧૧

શહેરના ઈસનપુર વિસ્તારમાં કૌટુંબિક સંબંધોને લજવતી ઘટના સામે આવી છે, જેમાં એક નરાધમ જેઠે પોતાના જ નાના ભાઈની પત્ની પર ખરાબ નજર રાખી તેની છેડતી કરી હતી. ૨૪ વર્ષીય પરિણીતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેનો જેઠ છેલ્લા કેટલાક સમયથી એકલતાનો લાભ લઈ તેની પાસે શારીરિક સંબંધ બાંધવાની બિભત્સ માંગણી કરતો હતો. ગત ૮મી માર્ચના રોજ જ્યારે યુવતી ઘરે એકલી હતી, ત્યારે આરોપીએ તેની સાથે જબરદસ્તી કરી કપડાં ફાડી નાખ્યા હતા. યુવતીએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો અને તેનો પતિ દોડી આવ્યા હતા અને તેને બચાવી લીધી હતી. આ મામલે ઈસનપુર પોલીસે ગુનો નોંધી આરોપી જેઠની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી અગાઉ રિક્ષા ચલાવતો હતો અને હાલ બેરોજગાર છે.

# જે પક્ષ માટે લોહી-પરસેવો પાડ્યો તેણે માત્ર ૨૦ મિનિટમાં જ તેમને 'ગદ્દાર' જાહેર કરી દીધા : રાજુ કરપડા

ગાંધીનગર, તા.૧૧

આમ આદમી પાર્ટી (આપ) માંથી રાજીનામું આપ્યા બાદ ખેડૂત નેતા રાજુ કરપડાએ પક્ષના નેતૃત્વ અને ખાસ કરીને ગોપાલ ઈટાલિયા સામે ગંભીર આક્ષેપો કર્યા છે. કરપડાએ આક્ષેપ કર્યો કે કેજરીવાલના કાર્યક્રમમાં સહાનુભૂતિ મેળવવા માટે પક્ષે જ તેમને લાંબો સમય જેલમાં રાખવાનું ષડયંત્ર રચ્યું હતું. તેમણે ઈટાલિયા પર જૂથબંધીનો આરોપ લગાવતા કહ્યું કે, જે પક્ષ માટે લોહી-પરસેવો પાડ્યો તેણે માત્ર ૨૦ મિનિટમાં જ તેમને 'ગદ્દાર' જાહેર કરી દીધા. કરપડાએ પંજાબ સરકારની ખેડૂત વિરોધી નીતિઓ પર પણ સવાલ ઉઠાવ્યા હતા. હવે તેઓ ૧૯ માર્ચથી ખેડૂતોને જાગૃત કરવા રાજ્યવ્યાપી યાત્રા શરૂ કરશે, ત્યારબાદ જ પોતાના રાજકીય ભવિષ્યનો નિર્ણય લેશે.




# બનાસકાંઠાના પાંથાવાડા પાસે ટેન્કરે ટક્કર મારતા બાઈકસવાર બે વિદ્યાર્થીઓના મોત

બનાસકાંઠા,તા.૧૧

બનાસકાંઠાના પાંથાવાડા નજીક ગુંદરી હાઈવે પર આવેલી ભેરૂનાથ હોટેલ પાસે એક કાળજું કંપાવી દેનારી દુર્ઘટના ઘટી છે. પૂરઝડપે આવી રહેલા એક બેફામ ટેન્કરે બાઈક સવાર બે વિદ્યાર્થીઓને જોરદાર ટક્કર મારી હતી. આ બંને આશાસ્પદ યુવાનો ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા આપવા જઈ રહ્યા હતા ત્યારે કાળ તેમને આંબી ગયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે ગંભીર ઈજાઓ થવાને કારણે બંને વિદ્યાર્થીઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા.આ અકસ્માતમાં ગુંદરી ગામના ૧૭ વર્ષીય હરેશસિંહ શેરસિંહ રાજપૂત અને સાતસણ ગામના ૧૭ વર્ષીય લાલાભાઈ વિહાભાઈ ચૌધરીએ જીવ ગુમાવ્યો છે. પરીક્ષાના સમયે જ બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં અને બંને પરિવારોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# ગુજરાત વિધાનસભામાં ગોપાલ ઈટાલિયા અને હર્ષ સંઘવી વચ્ચે શાબ્દિક પ્રહાર

ગાંધીનગર,તા.૧૧

ગુજરાત વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ બાદ પોઈન્ટ ઓફ ઓર્ડર મુદ્દે ભારે હોબાળો મચ્યો હતો. ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ પોતાની શૈક્ષણિક લાયકાત અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, "હું ૮ પાસ નથી, પણ BA. LLB ભણેલો છું અને મારી જાતને હોશિયાર સમજું છું." આ નિવેદનના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વળતો પ્રહાર કરતા કહ્યું કે, કોઈએ કદાચ ચોપડીઓ ઓછી વાંચી હોય, પરંતુ અહીં કોઈને જૂતું ફેંકવાનું શીખવવામાં આવતું નથી. આ શાબ્દિક ટપાટપીથી ગૃહનું વાતાવરણ ઉગ્ર બન્યું હતું. બીજી તરફ, રાજ્યમાં માર્ચના અંતિમ સપ્તાહમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC) બિલ લાવવાની તૈયારીઓ તેજ થઈ છે. ઉત્તરાખંડ બાદ ગુજરાત પણ આ કાયદો લાગુ કરનાર રાજ્ય બની શકે છે, જેનાથી લગ્ન અને વારસા જેવા વિષયોમાં સમાન નિયમો અમલી બનશે.







